સુવિચાર

યુવાનીમાં જ્ઞાનનો છોડ નહિં વાવોતો, ઘડપણમાં એની છાયા નહિં મળે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





રાજકોટના વેપારીને ભાગીદારીમાં સોફ્ટવેર કંપની ખોલાવી રૂ.૧.૧૭ લાખની ઠગાઈ કરી P-4


Year-16, Issue-260 ■ DATE : 17-02-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# પોરબંદરના દરિયામાંથી ૨૦૦ કિલોથી વધુનું ડ્રગ્સ ઝડપાયું

**કોસ્ટગાર્ડ અને ગુજરાત ATSનું સંયુક્ત ઓપરેશન : ઈરાન તરફથી આવી રહેલી બોટની તલાશી લેતા કરોડો રૂપિયાનું ડ્રગ્સ મળી આવ્યું : આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત કરોડો રૂપિયાની આંકવામાં આવી રહી છે**



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત ATS અને કોસ્ટ ગાર્ડે સંયુક્ત ઓપરેશન કરીને ૨૦૦ કિલોથી વધુ ડ્રગ્સનો જથ્થો જપ્ત કર્યો છે. દરિયાઈ માર્ગે ડ્રગ્સનો જથ્થો ગુજરાતમાં આવવાનો હતો, પરંતુ તે પહેલા ATS અને કોસ્ટ ગાર્ડે પોરબંદરના દરિયા વિસ્તારમાંથી ડ્રગ્સ ઝડપી પાડ્યું છે. પ્રાથમિક વિગતમાં ઈરાનથી ૨ શખ્સ આ ડ્રગ્સનો જથ્થો લઈને આવી રહ્યા હતા, જેમની ધરપકડ કરવામાં આવી છે.

આજે આ ડ્રગ્સનો જથ્થો પોરબંદર જેટી ખાતે લાવવામાં આવશે. ગુજરાત ATSએ ડ્રગ્સ પેડલર બે ઈરાનીની ધરપકડ કરી છે.

ગુજરાત ATSના DIG સુનિલ જોશીએ જણાવ્યું કે SP કે.કે.પટેલને બાતમી મળી હતી કે સ્પીડ બોટથી ડ્રગ્સની ડિલિવરી પંજાબમાં થવાની છે. બાતમી મળતાં જ એક ટીમ બનાવી કોસ્ટ ગાર્ડની મદદ લેવાઈ હતી.

લાંબો સમય રાહ જોયા બાદ સ્પીડ બોટમાં ૨ શખ્સ આવ્યા હતા. ઈરાનથી સ્પીડ બોટમાં આવ્યા હતા. સ્પીડ બોટમાં ક્યારેય ડિલિવરી માટે આવતા નથી.તપાસતા ૨૦૩ પેકેટ બોરમાંથી મળ્યા હતા.

કયુ ડ્રગ્સ છે તે ડિટેક્ટ થઈ રહ્યું નથી. આરોપી પાસેથી મળેલા ફોનમાંથી ડેટાની તપાસ કરવામાં આવી રહી છે. આરોપી બલૂચી ભાષા બોલે છે. સ્પીડ બોટમાં આવવું ડેરિંગ કહેવાય. પંજાબનો શખ્સ ડિલિવરી લેવાનો હતો.

૧૪૦ માઈલ દૂર દરિયામાં ઓપરેશન કર્યું હતું. બોટની બનાવટ ઈરાનની છે. બોટમાં એક્સ્ટ્રા ડીઝલ પણ હતું,ખાવાની વસ્તુઓ પણ હતી. ૩-૪ દિવસ ચાલે એટલો સામાન હતો.

પોરબંદરમાં અગાઉ ૨ વખત સ્પીડ બોટ આવી હતી, જેમાં ૬ શખ્સ હતા. ઈરાનથી એક શખ્સ ગેરકાયદેસર રીતે આવ્યો હતો. મોટી બોટ પકડાઈ જાય એટલે નાની બોટમાં આવ્યા હતા.

અબ્દુલ મજીદ અને અબ્દુલ સત્તાર નામના બે શખ્સની ધરપકડ કરાઈ છે. બંને ઈરાનના રહેવાસી છે. હજુ સુધી ડ્રગ્સની કીટમાં કોઈ ડ્રગ્સ હોવાનું ડિટેકટ થયું નથી. FSL તપાસ કરી રહી છે. હાલ શંકાસ્પદ કેમિકલ તરીકે તપાસ કરવામાં આવી રહી છે.

ગુજરાતનો દરિયાકિનારો ૧૬૦૦ કિલોમીટર જેટલો લાંબો છે. આ દરિયાકાંઠે છેલ્લા ઘણા સમયથી ડ્રગ્સની ભરતી વધી ગઇ છે. ડ્રગ્સની હેરાફેરી માટે ગુજરાતનો દરિયાકિનારો સિલ્કરૂટ બની ગયો છે. પણ આ દરિયાનો ઉપયોગ વધી ગયો તેના તાર સીધા શ્રીલંકા અને અફઘાનિસ્તાન સાથે જોડાયેલા છે.

૨૦૧૯માં શ્રીલંકામાં ડ્રગ્સ ગુનામાં ચાર આરોપીને ફાંસીની સજા આપવામાં આવી. શ્રીલંકામાં ૪૩ વર્ષ બાદ ડ્રગ્સના તસ્કરોને ફાંસી મળતાં આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કાર્ટેલ હચમચી ગઈ અને તેણે અલગ રૂટ તરફ નજર દોડાવી. આમાં તેની નજર ગુજરાત પર પડી અને ત્યારથી અફઘાનિસ્તાન અને પાકિસ્તાનથી આવતા ડ્રગ્સના મધ્ય, ઉત્તર તથા પૂર્વ એશિયાના દેશોમાં જમીનમાર્ગે હેરફેર માટે ગુજરાત એપી સેન્ટર બની ગયું.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૭/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૫૬,૪૮૦ | ₹૨,૬૦,૦૦૦ |
| | -૧૦ | -૮,૦૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૭૬ | ₹૧૨૩.૫૧ |

## ગુજરાત વિધાનસભાના બજેટનું કાઉન્ટડાઉન શરૂ

**વિકાસને વેગ આપવા માટે બજેટનું કદ રૂ.ચાર લાખ કરોડથી પણ વધી શકે છે : ચુંટણીના વર્ષમાં કોઈ નવા વેરાની સંભાવના નહીવત**

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગઇકાલથી પ્રારંભ થઇ રહેલા ગુજરાત વિધાનસભા બજેટ સત્રમાં હવે આવતીકાલે રજુ થનારા રાજ્યના બજેટનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયું છે અને નાણાં મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ દ્વારા તેમનું ચોથુ અને ગુજરાતનું ૪૧મું બજેટ રજુ કરશે

વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતે જે રીતે દેશમાં સૌથી અગ્રણી રાજ્ય તરીકે સ્થાન મેળવ્યું છે તે જોતા રાજ્યમાં આગામી સમયમાં વિકાસને વેગ આપવા માટે બજેટનું કદ રૂા.ચાર લાખ કરોડથી પણ વધી શકે છે અને ખાસ કરીને અમેરિકાના ટેરીફના કારણે વ્યાપાર ઉદ્યોગમાં અનિશ્ચિતતાની પરિસ્થિતિ સર્જાઇ હતી તેના કારણે ગુજરાતના અનેક ઉદ્યોગકારોને સહન કરવું પડ્યું છે તે સંદર્ભમાં સરકાર પાસેથી વેરા અંગેની કોઇ વધુ ઉદાર યોજનાની પણ અપેક્ષા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાખવામાં આવી છે અને ખાસ કરીને રાજ્યમાં ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસને મહત્વ આપવામાં આવશે.



ખાસ કરીને નાના વેપારીઓ કે જેણે હવે મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમીલનાડુ, પંજાબ, કર્ણાટક અને કેરળમાં જે વ્યાપારીઓ માટે ઉદાર વેરા માફી યોજનાઓ આવી છે તે જ ગુજરાતમાં આવતીકાલના બજેટમાં જોવા મળે તેવી શક્યતા છે.

ગુજરાતમાં અગાઉ જે રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારની યોજનાઓ જાહેર કરાઇ હતી તેમાં વેપારી વર્ગને કોઇ મોટો લાભ નહીં હોવાથી યોગ્ય પ્રતિસાદ મળ્યો ન હતો અને સરકારને પણ તેમાં જે કાંઇ હેતુ હતો તે સિધ્ધ થયો નથી આથી જ તે હવે રાજ્ય સરકાર દ્વારા નવી યોજના અંગે આવતીકાલના બજેટમાં કોઇ મહત્વ પૂર્ણ જાહેરાત કરાય તેવી શક્યતા છે.

રાજ્ય સરકારએ જો કે અગાઉ જ રીયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રો માટે જે સુવિધા સર્જી છે તે જોતા બજેટમાં સ્ટેમ્પ ડ્યુટી કે અન્ય કોઇ ફેરફારની શક્યતા નહીંવત છે અને તેથી બજેટ એ ઇઝ ડુઇંગ પર વધુ મહત્વ આપશે તે નિશ્ચિત છે.

## ભારત-ફ્રાન્સ વચ્ચે આજે રૂા.૩.૨૫ લાખ કરોડના સોદા પર હસ્તાક્ષર

**મુખ્ય સમાચાર, મુંબઇ**

વડાપ્રધાન મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન આજે મુંબઈમાં મળશે. બંને દેશો વચ્ચે રૂા.૩.૨૫ લાખ કરોડના સંરક્ષણ સોદા પર હસ્તાક્ષર થશે. મૂલ્યની દ્રષ્ટિએ આ સોદો ભારતનો સૌથી મોટો લશ્કરી ખરીદી હશે. ભારતને ૧૧૪ રાફેલ ફાઇટર જેટ મળશે.

આજની બેઠકમાં સંરક્ષણ, દરિયાઈ સહયોગ, ભારત-પ્રશાંત વ્યૂહરચના, ઉભરતી ટેકનોલોજી, કૃત્રિમ બુદ્ધિમત્તા અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા થશે. આ બેઠક બપોરે ૩:૧૫ વાગ્યે મુંબઈના લોકભવન ખાતે યોજાશે.

સાંજે ૫:૧૫ વાગ્યે, બંને નેતાઓ ભારત-ફ્રાન્સ ઈનોવેશન યર



૨૦૨૬નું ઉદ્ઘાટન કરશે અને બંને દેશોના ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટઅપ સ્થાપકો, સંશોધન નિષ્ણાંતો અને નવીનતા નેતાઓને સંબોધિત કરશે.

રાષ્ટ્રપતિ મેક્રોન ૧૭ થી ૧૯ ફેબ્રુઆરી દરમિયાન ભારતની મુલાકાતે આવશે. આ મુલાકાત દરમિયાન, તેઓ દિલ્હીમાં ઈમ્પેક્ટ સમિટમાં પણ ભાગ લેશે.

## ચાંદી ફરી કડડડભૂસઃ હાઇથી ૧.૮૦ લાખ ડાઉન

સોના અને ચાંદીના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે, અને આ કિમતી ધાતુઓ દરરોજ સસ્તી થઈ રહી છે. સોમવારે નોંધપાત્ર ઘટાડા બાદ, મંગળવારે ચાંદીના ભાવમાં ઘટાડો થયો. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ખુલતા જ ચાંદીના ભાવ રૂા.૪,૬૦૦ થી વધુ ઘટ્યા. બીજી કિમતી ધાતુ, સોનું પણ ઘટ્યું. ચાંદી હવે તેની ઊંચી સપાટી કરતાં રૂા.૧૮૦,૦૦૦ થી વધુ ઓછા ભાવે વેચાઈ રહી છે, જ્યારે સોનું રૂા.૩૮,૦૦૦ થી વધુ ઘટ્યું છે. પહેલા, ચાલો ચાંદીના ભાવમાં સતત ઘટાડા અંગે ચર્ચા કરીએ. એવું લાગે છે કે ચાંદીનો પરપોટો થોડા દિવસોમાં જ ફૂટ્યો છે. આ હકીકત એ છે કે ૨૯ જાન્યુઆરીએ, ચાંદીના ભાવ પહેલી વાર પ્રતિ કિલો રૂા.૪૦૦,૦૦૦ ને વટાવી ગયા હતા, જે રૂા.૪૨૦,૦૪૮ ના જીવનકાળના ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા હતા. આ ઉચ્ચ સ્તર પછી, ચાંદી પ્રતિ કિલો રૂા.૧૮૦,૧૫૭નો ઘટાડો થયો છે.

## આજે રાજયની ફાઇનલ મતદાર યાદી જાહેર થશે



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ચૂંટણીપંચ દ્વારા ‘સર’ની પ્રક્રિયા જે રીતે પુરી કરાઇ અને નવમી વખત સ્પે. ઈન્ટનસિવ રીવીઝનની પ્રક્રિયામાં લાખો મતદારોના નામ અંગે વિવાદ સર્જાયો તેમાં હવે આજે રાજ્યની ફાઇનલ મતદાર યાદી જાહેર થતાં જ રાજકીય ગતિવિધિ પણ વધશે તેવા સંકેત છે.

ચૂંટણીપંચની મંજુરી બાદ જાહેર થનારી મતદાર યાદીમાં જો કે હજુ વાંધા અરજીઓ માટે એક માસનો સમય અપાશે. રાજ્યમાં નવા મતદાર નોંધાવવા માટે સાત લાખ જેટલી અરજીઓ મળી હતી. જ્યારે ફોર્મ નં.૭ હેઠળ જે નામોની કમીનો સૌથી મોટો વિવાદ સર્જાયો હતો તેમાં ૧.૮૩ લાખ જેટલી અરજીઓમાં ચૂંટણી પંચે જે નોંધી છે તે પછી ફાઇનલ મતદાર યાદીમાં જે નામો કમી થયા છે તે અંગે પણ ખ્યાલ આવશે.

રાજ્યમાં લાંબા સમયથી સ્થાનિક ચૂંટણીઓ અંગે જે ચર્ચા છે તેમાં ફાઇનલ મતદાર યાદી પ્રસિધ્ધ થયા બાદ હવે એક મહિના પછી ચિત્ર સ્પષ્ટ થશે અને મતદાર યાદી પ્રિન્ટીંગ સહિતની કામગીરી માટેની પ્રક્રિયા પણ શરુ થશે. મતદાર યાદી જાહેર થયા બાદ સ્થાનિક ચૂંટણીઓ એપ્રિલ અથવા મે માસમાં યોજાઇ શકે છે.

ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર માર્ચના મધ્યમાં પુરું થયા બાદ ચૂંટણીની જાહેર થાય તેવી શક્યતા છે અને વહીવટીતંત્રએ તે માટે તૈયારી કરી લીધી છે. જો કે એપ્રિલ માસમાં જે રીતે વસ્તી ગણતરીનો પ્રથમ રાઉન્ડ એટલે કે આવાસ ગણતરી સહિતની પ્રક્રિયા હાથ ધરવાની છે.

તેથી સરકાર માટે ચૂંટણી સમયે પૂરતો સ્ટાફ ખડવાનો એક મોટો પડકાર બની રહેશે. એક વખત ફાઇનલ મતદાર યાદી પ્રસિધ્ધ થયા બાદ જે નામો કમી થયા છે તે અંગે પણ નવો વિવાદ સર્જાય તેવી શક્યતા નકારાતી નથી. આમ રાજ્યમાં રાજકીય વાતાવરણ પણ વધુ ગરમ થશે.

## શાળાઓ બાદ હવે રાજકોટ સહિત અન્ય કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

**મુખ્ય સમાચાર, વડોદરા**

રાજ્યમાં બોમ્બથી ઉડાવી દેવાની ગજબની પેટર્ન જોવા મળી રહી છે. પહેલાં સ્કૂલોને મેઈલ કરવામાં આવે છે અને પછી કોર્ટને ઉડાવી દેવાના મેઈલ મળી રહ્યા છે. આજે અમદાવાદ, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, મહેસાણા અને વલસાડની કોર્ટને ધમકી ભર્યા મેઈલ મળ્યા છે.

વડોદરા ડિસ્ટ્રિક્ટ કોર્ટ દિવાળીપુરાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. સમાચાર મળતા જ પોલીસ અને બોમ્બ-ડોગ સ્ક્વોડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

કોર્ટમાંથી વકીલોને સહી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. કોર્ટ સંકુલ બહાર વકીલોના ટોળેટોળા જામ્યા હતા. ઘટનાની ગંભીરતાને જોતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે



પહોંચી ગયા હતા.

વલસાડ કોર્ટના ઓફિશિયલ ઈમેલ આઈડી ઉપર અજાણ્યા શખ્સે વલસાડ કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી આપી છે. આ ધમકી મળતા તાત્કાલિક વલસાડ જિલ્લા પોલીસની ટીમને ઘટનાની જાણ થતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કોર્ટ પ્રિમસીસ ખાલી કરાવવામાં આવી છે.

વલસાડ કોર્ટમાં વકીલો અને અરજદારોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. બૉમ્બ સ્ક્વોડ અને ડોગ સવોડની ટીમની મદદ લેવામાં આવી રહી છે. આ ઉપરાંત ગાંધીનગર સેશન્સ કોર્ટને તથા અમદાવાદની જૂની હાઇકોર્ટને પણ ધમકી ભર્યો ઈમેઈલ મળ્યો છે.

## ખાદ્ય વસ્તુઓની જથ્થાબંધ મોંઘવારી ૯ મહિનાના ઉચ્ચ સ્તરે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જાન્યુઆરી ૨૦૨૬માં દેશમાં જથ્થાબંધ મોંઘવારી દર વધીને ૧.૮૧ ટકાએ પહોંચી ગયો છે, જે વીતેલા મહિનાઓનો સૌથી ઉંચો સ્તર છે. ડિસેમ્બરમાં તે ૦.૮૩ ટકા હતો. સરકારી આંકડા મુજબ જથ્થાબંધ મોંઘવારીમાં આ તેજી કારખાના ક્ષેત્ર અને ખાદ્ય વસ્તુઓની વધતી કિંમતોના કારણે આવી છે.

આ જથ્થાબંધ મોંઘવારીની અસર એ થશે કે રોજબરોજની વસ્તુઓ મોંઘી થઈ શકે છે. ઉદ્યોગોની પડતર કિંમત વધી શકે છે. નોકરી અને વેતન પર તેમજ વ્યાજ દરો અને ખેડૂતો-વેપારીઓ પર પણ અસર પડી શકે છે.



જાન્યુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી વધવા માટે બેઝીક મેટલ્સના નિર્માણ બિન ખાદ્ય સામાન, ખાવા-પીવાની વસ્તુઓ અને કપડાની કિંમતોમાં વધારો મોટુ કારણ રહ્યા છે. ખાસ કરીને મેન્યુફેકચરીંગ સાથે સંકળાયેલ ઉત્પાદનોની કિંમતે જથ્થાબંધ મોંઘવારીને ઉપરની તરફ ધકેલી છે.

ઉલ્લેખનીય છે કે, આ દરમિયાન ખાદ્ય મોંઘવારી દર વધીને ૧.૪૧ ટકા થઈ ગયો, જયારે ડિસેમ્બરમાં તે ૦.૦૦ ટકા પર સ્થિર હતો એટલે કે ખાવા-પીવાની કિંમતોમાં બીજી વાર હલચલ જોવા મળી છે. પ્રાથમીક વસ્તુઓની મોંઘવારી પણ વધીને ૨.૨૧ ટકાએ પહોંચી ગઈ, જે ડિસેમ્બરમાં માત્ર ૦.૨૧ ટકા હતી.

એક સર્વેમાં અર્થશાીઓએ અનુમાન લગાવ્યું છે કે જાન્યુઆરીમાં જથ્થાબંધ ફુગાવો આધારિત આધારિત મોંઘવારી વધીને લગભગ ૧.૨૫ ટકા રહેશે.

## ડીજીટલ પેમેન્ટ વચ્ચે રોકડનું પ્રમાણ વધી રૂ.૪૦ લાખ કરોડ થયું

**મુખ્ય સમાચાર, મુંબઇ**

દેશમાં વધતા જતા ડીજીટલ વ્યવહારો હવે શાકભાજીવાળો પણ કયુઆર કોડથી નાણા વસુલે છે તેવા દ્રશ્યો વચ્ચે પણ હજુ રોકડ વ્યવહાર ઘટયા નથી કે સીસ્ટમમાં રોકડની કુલ સર્કયુલેશન ઘટયું નથી તે આંકડાઓ કહે છે. એક સમયે નોટબંધીથી ભારતીયોના હાથમાંથી રોકડ તેમના બેન્ક ખાતામાં જમા થઈ ગઈ અને ઘરમાં જે બચત હતી તે પણ બહાર કાઢવાની ફરજ પડી હતી પણ તે તબકકાવાર ફકત ચલણી નોટોનો કલર જ બદલ્યો છે તેની સંખ્યા ઉલટાની વધી છે.

હાલમાં જ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ બહાર પાડેલા આંકડા દર્શાવે છે કે ભારતમાં રોકડ સર્કયુલેશન ૧૧% વધીને રૂા.૪૦ લાખ કરોડ નોંધાયુ છે. જો કે ભારતની જીડીપી વધી રહી છે તેની કેશ-ટુ-જીડીપી રેશિયો જે કોરોના સમયે ૧૪.૪નો હતો તે હવે ઘટીને ૧૧.૨%નો થયો છે જે દર્શાવે છે કે



ડીજીટલ પેમેન્ટ વધ્યા જરૂર છે છતાં લોકો હજુ મોટા પાયે રોકડ રાખી જ રહ્યા છે.

નોટબંધીના કારણે ભારતમાં રોકડ સર્કયુલેશન ઘટીને રૂા.૧૩.૪ લાખ કરોડ થયું હતું પણ તે ફરી વધવા લાગ્યું. માર્ચ ૨૦૨૧માં તે વધીને રૂા.૨૮.૫ લાખ કરોડ નોંધાયું હતું. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના રિપોર્ટ મુજબ જે રીતે જીએસટી નોટીસ નાના વેપારીઓને મળવા લાગી. તેમાં તેઓ રોકડ વ્યવહાર પર વધ્યો છે. લગભગ ૧૮૦૦૦ જેટલી જીએસટી નોટીસ મળતા જ અન્ય નાના વ્યાપારીઓ પણ સાવધ થઈ ગયા અને કયુઆર કોડ છુપાવીને રોકડનો વ્યવહાર કરવા આગ્રહ રાખવા લાગ્યા છે. તો એટીએમ વ્યવહારોમાં પણ વધુ રોકડ ઉપડવા લાગી છે. ખાસ કરીને કર્ણાટક, આંધ્રપ્રદેશમાં આ ટ્રેન્ડ જોવા મળ્યો છે. બેન્કોનો ધીમો થાપણ વૃધ્ધિદર- વ્યાજના દર નીચા જતા લોકોને રોકડમાં બચત રાખવાની વૃતિ વધી છે.

તો સોના-ચાંદીના ભાવમાં જે વધારો થયો તેનાથી લોકોએ ઘરમાં રહેલા સોના-ચાંદીનું વેચાણ કર્યુ જે પણ રોકડ વધી છે. જો કે તેમ છતા ડીજીટલ પેમેન્ટમાં તો વધારો થઈ જ રહ્યો છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ડેટા મુજબ યુપીઆઈ મારફત ૭૦-૮૦% ડીજીટલ વ્યવહારો થાય છે.

છેલ્લા આંકડા મુજબ ૨૧૬૩ કરોડ વ્યવહારોમાં રૂા.૨૮ લાખ કરોડના વ્યવહારો થયા છે. રોકડમાં રૂા.૫૦૦ની નોટોનું પ્રમાણ ૪-૪% વધ્યુ છે તો નાના ચલણનું પ્રમાણ ઘટયું છે. રૂા.૨૦ની નોટોનું ચલણમાં પ્રમાણ ૩૬.૫૧% માંથી વધીને ૩૨.૪% થયુ છે.


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીના ''રામપરા વન્યપ્રાણી અભ્યારણ્ય''માં ૧૦૦થી વધુ પ્રજાતિના વન્યપ્રાણીઓ કરે છે વસવાટ







**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત સરકારના મોરબી વન વિભાગ હસ્તકના ''રામપરા વન્યપ્રાણી અભ્યારણ્ય'' ૧૫.૦૧ વર્ગ કિ.મી. માં ફેલાયેલું છે અને તે મોરબી જીલ્લામાં વાંકાનેર તાલુકામાં આવેલું છે, જે મોરબી શહેરથી ૫૦ કિ.મી. અને વાંકાનેરથી ૧૬ કિ.મી.ના અંતરે આવેલું છે.

રામપરા વન્યપ્રાણી અભ્યારણ્ય વિષે મોરબી વન વિભાગના નાયબ વન સંરક્ષક ડૉ. સુનીલ કુમાર બેરવાલ (ભા.વ.સે.)એ જણાવ્યુ હતું કે, આ અભયારણ્યમાં ૧૦૦થી વધુ જાતના વન્યપ્રાણીઓ જોવા મળે છે અને ૨૦થી વધુ જાતનાં સસ્તન વર્ગના પ્રાણીઓ આ વિસ્તારમાં વસવાટ કરે છે, જેમાં દીપડા, ઝરખ, વરૂ (નાર), ચિંકારા, નીલગાય, જંગલીભૂંડ, શિયાળ, સસલાનો સમાવેશ થાય છે. અજગર, કોબ્રા (નાગ), વાઈપર, ધામણ જેવા સાપ ઉપરાંત ઘો અને કાચીડા મળીને ૧૫ થી વધુ જાતનાં સરિસૃપો અહિ જોવા મળે છે તો ૧૦ થી વધુ જાતના કરોળિયા તથા રંગબેરંગી પતંગિયાં જૈવિક વૈવિધ્યમાં ઉમેરો કરે છે.

આ વિસ્તાર માં ૧૫૦થી વધુ જાતનાં સ્થાનિક તથા યાયાવર પક્ષીઓ જોવા મળે છે જેમાં મોર, ખેરખટ્ટો, બ્રાહ્મણીમેના, બુલબુલ, દરજીડો, કુલ્કી, સસેતર, લાવરી, સુગરી, તેતર, ચકકરખોરા વગેરેનો સમાવેશ થાય છે. નાની સિસોટી, બતખ, દુધરાજ, ટીલાવાળી બતક અહીં માળા બનાવે છે. ચોમાસા દરમ્યાન ચાતક તથા નવરંગ (ઈન્ડીયન પીટ્ટા) અહી મહેમાન બને છે. શીકરા, બાજ જેવા શિકારી પક્ષીઓ વૈવિધ્યમાં વધારો કરે છે. શિયાળા દરમ્યાન કુંજ, પેણ, અને વિવિધ જાતની બતખ પણ આવે છે.

આ અભ્યારણ્યમાં એશિયાઈ સિંહોની ''જીન-પૂલ વસ્તી'' અને ચિત્તલ, સાંભર અને ચિંકારાના ''બ્રિડીંગ સેન્ટર''ની મહત્વપૂર્ણ કામગીરી વિશે ડૉ. બેરવાલ જણાવેલ કે, રામપરા અભ્યારણ્યને વર્ષ ૨૦૦૮માં સિંહના ''જીન-પૂલ વસ્તી'' માટે પસંદ કરવામાં આવ્યુ અને હાલમાં પ્રોજેક્ટ હેઠળ ૧૨ સિંહ માટે ૬ મોટા એન્કલોઝર છે. ચિત્તલની બ્રિડીંગ માટે પણ તેમના એન્કલોઝરમાં છાંયડા અને ખોરાકની સુચારૂ વ્યવસ્થા છે. ઉપચાર માટે દવાખાનું, પશુ ચિકિત્સક, એટેન્ડન્ટ, પશુઓના હેરફેર માટે વાહન સહિતની સુવિધા ઉપલબ્ધ છે. દૈનિક ખોરાક તૈયાર કરવા માટે રૂમ બનાવવામાં આવ્યા છે અને દેખરેખ માટે વોચ ટાવર છે. વન્યપ્રાણીઓને તેમના નૈસર્ગિક રહેઠાણમાં બિનજરૂરી ખલેલ ન પહોંચે તેમજ તેમના કુદરતી અને કૃત્રિમ સંવર્ધન માટે આ અભ્યારણ્ય જાહેર જનતાની અવર-જવર માટે પ્રતિબંધિત છે.

અહિના ઘાસિયા વિસ્તારમાં ૪૦૦ જેટલી વનસ્પતિની જાતો જોવા મળે છે. જેમાં ભૂરી શંખાવલિ જેવી લુપ્ત થતી વનસ્પતિ, ગુગળ, ખરખોડી, કેરડા, લોદરી, ખાખરો, વિકળો, સલાય, ખજુરી જેવી આયુર્વેદિક ઔષધિઓ તથા તાડ, રોહિડો, કડાયો, દેશી બાવળ, ગોરડ, સીસમ જેવાં વૃક્ષોનો સમાવેશ થાય છે. મુખ્યત્વે ઉનાળુ આબોહવા ધરાવતા આ પરિસરની ચોમાસામાં લીલોતરીની સુંદરતા ચરમસીમાએ દ્રશ્યમાન થાય છે. જયારે શિયાળામાં પાનખર બેસતાં અને ઘાસ સુકાતાં સમગ્ર વિસ્તાર સોનેરી રંગોથી સોહામણો બની જાય છે.

રામપરા વન્ય અભ્યારણ્યના ઐતિહાસિક અને ખનિજ તત્વો વિશે વાત કરતા રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રી મોનાલી કટોચે જણાવ્યું હતું કે, અગાઉ આ વિસ્તાર રામપરા વીડી (ભોજપરા વીડી) તરીકે ઓળખાતો અને વાંકાનેર રાજવી પરિવારની માલિકીનો હતો, જયાં તેમની શિકારની રમતો ગોઠવાતી હતી. સરકારશ્રી હસ્તક આવતા આ વીડીમાં સને-૧૯૮૮ સુધી ઘાસ એકત્ર કરવામાં આવતું હતું. નાની-મોટી ટેકરીઓ તથા વોકળા ધરાવતા આ પરિસરનો મોટાભાગનો વિસ્તાર જુરાસિક સમયનો રેતાળ પથ્થરથી બનેલ છે. મુખ્યત્વે જમીન કાળી, રાતી તથા ઓછી ફળદ્રુપ છે.

આ અભ્યારણ્ય પાંચાળના ઉબળ-ખાબડ રચના ધરાવતા ભૂપૃષ્ઠના મધ્યભાગમાં નાની મોટી ટેકરીઓ અને ખીણ ધરાવતા સુકા પાનખર ઘાસના કાંટાળા જંગલ તરીકે પણ જાણીતું છે. શણિયાર, જીંજવો, ધરફ, કાગડું તથા રાતડ જેવી ખાવાલાયક ઘાસ અહીં વિપુલ પ્રમાણમાં થાય છે. વન વિભાગ દ્વારા ભૂમિ-ભેજ સંરક્ષણ તથા રહેઠાણ સુધારણાના કામો કરવામાં આવે છે. અહીં પંખીઓને ખોરાક મળી રહે એ માટે ફળો (જાંબુ, કરમદા, રાણ, ચીકુ) તેમજ છાયા આપે તેવા વડલા અને પીપળાના વૃક્ષો લગાવવામાં આવ્યા છે.

વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીના પ્રાકૃતિક અને કૃત્રિમ સ્રોતોની વ્યવસ્થા ઉભી કરાઈ છે. અવારનવાર વરસાદની ખેંચ તથા પથ્થરાળ પર્વતીય જમીનને કારણે દુષ્કાળના સમયમાં મોટાં વૃક્ષો સુકાવાનું પ્રમાણ વધી જાય છે. જેથી વન વિભાગે વહી જતા વરસાદી પાણીના સંગ્રહ માટે એક તળાવ ૧૯૯૮ માં બનાવ્યું હતું. તળાવની વચ્ચે પક્ષીઓ બેસી શકે તેવા માઉન્ડ બનાવાયા છે. જ્યાં અમુક પક્ષીઓ માળા બનાવીને રહે છે. જમીનમાં પાણીનો સંગ્રહ થતા જંગલ હરિયાણું રહે છે.

અભયારણ્યના ફરતે ડિસેમ્બર ૨૦૧૭ થી ૩૧.૦૮ વર્ગ કિ.મી.નો વિસ્તાર ઈકો સેન્સિટિવ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે, જેથી નજીકના વિસ્તારમાં વન અને વન્યપ્રાણીઓના સંવર્ધન ને ધ્યાને રાખી વિકાસની કામગીરીઓ થાય. જનજાગૃતિની પ્રવૃત્તિ હેઠળ શાળા-કોલેજના વિધાર્થીઓ માટે બે દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરોનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૧૭ શિબિર માં ૮૬૦ વિધાર્થીઓ - શિક્ષકોએ ભાગ લીધો હતો, તેમજ સ્થાનિક ખેડૂતો માટે ખેડૂત શિબિર પણ યોજાઈ હતી.

## ઉનાના ઉપલા રહીમનગરમાં શોર્ટ સર્કિટના કારણે મકાનમાં આગ લગતા ઘરવખરી બળીને ખાખ



### પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે, રમઝાન મહિનાનો તહેવાર અને આવી આપદા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના વિસ્તારમાં આવેલ ઉપલા રહીમ નગરમાં રહેતા અને ડ્રાઈવિંગ નોધંધો કરતા બસીર બાપુ તેમના ઘરે મૉડી રાત્રિ દરમિયાન કોઈ શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ લાગી આગ લાગતા તરત જ આજુ બાજુના લોકો દોડી આવ્યા મકાનના ઉપલા માળે આગ લાગતા ધુવાળા ના ગોટે ગોટા બહાર આવ્યા બાજુમાં રહેતા હારુનભાઈ તેઓએ મદદે આવ્યા તરતજ પોતાના ઘરમાંથી પાણીની લાઈન ઉપલા માળે આપી અને તેમનો સપુત્ર તારીફ ભાઈએ પાણીનો મારો ચલાવ્યો પાણીનો મારો ચલાવતા કલાકોની મહેનત બાદ આગ સંપૂર્ણ કાબુમાં લીધી હતી આગને કારણે સામાન્ય પરિવાર મુશ્કેલીમાં મુકાયો છે રોજ કમાય છે અને રોજ ખાય છે સાથે મુસ્લિમ પરિવાર આજે આર્થિક કટોકટીમાં મુકાયો છે

## પરસોતમ ચોકમાં રેઢા પડેલા સ્પ્લેન્ડરમાંથી વિદેશી દારૂની બે બોટલ પકડાઈ

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન પરસોતમ ચોકમાં શંકાસ્પદ એક કાળા કલરનું સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૩૬-એ-૪૫૬૮ મોટર સાયકલ રેઢું મળી આવેલ હોય જેથી તે મોટર સાયકલમાં ટીંગાડેલ એક પ્લાસ્ટિકની થેલીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ બ્લેન્ડર પ્રાઇડ વ્હિસ્કીની ૨ નંગ બોટલ કિ.રૂ.૨,૨૧૪/-મળી આવેલ હોય, જેથી પોલીસે મોટર સાયકલ અને દારૂ સહિત રૂ.૨૨,૨૧૪/-નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબી મનપાના આશ્રયગૃહ ખાતે આશ્રિતો માટે આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા સંચાલિત મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહ ખાતે આશ્રિતો માટે જનરલ આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ૫૧ આશ્રિતોની તબીબી તપાસ કરી જરૂરી દવાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.






મોરબી શહેરમાં શહેરી ઘરવિહોણા લોકોને આશ્રય અને જરૂરી સુવિધાઓ પૂરું પાડવા માટે મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખા દ્વારા પંડિત દીનદયાળ અંત્યોદય આજીવિકા મિશન યોજના અંતર્ગત મહારાણી નંદકુંવરબા આશ્રયગૃહ કાર્યરત છે. મહાનગરપાલિકાના સહયોગથી શ્રી સિદ્ધિ ખાદીગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા આ આશ્રયગૃહનું સંચાલન કરવામાં આવે છે. તાજેતરમાં આશ્રયગૃહ ખાતે આરોગ્ય વિભાગ અને યુ.સી.ડી. શાખાના સંયુક્ત સહયોગથી જનરલ આરોગ્ય નિદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પ દરમિયાન આશ્રિતોની તબીબી તપાસ કરવામાં આવી, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની ચકાસણી કરવામાં આવી તેમજ જરૂરી દવાઓ અને આરોગ્યલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહાનગરપાલિકાના કમિશનરના માર્ગદર્શન હેઠળ દર ૧૫ દિવસે આવો આરોગ્ય ચકાસણી કેમ્પ યોજવામાં આવે છે. આ કેમ્પમાં કુલ ૫૧ જેટલા આશ્રિતોએ લાભ લીધો હતો. કેમ્પને સફળ બનાવવા આરોગ્ય વિભાગની ટીમ અને સંચાલક સંસ્થાના પ્રતિનિધિઓએ જહેમત ઉઠાવી હતી.

# મોરબી ઉમા આદર્શ લગ્ન યોજનામાં સમયોચિત ફેરફારો કરાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પાટીદાર સમાજની ઉમા સંસ્કારધામ સંચાલિત ''ઉમા આદર્શ લગ્ન યોજના''માં સમયોચિત બદલાવ જાહેર કરાયા છે. હવે તમામ લગ્નવિધિઓ સંસ્થાના હોલમાં જ ફરજીયાત યોજાશે અને મહેમાનોની મર્યાદા ૧૧૧થી વધારી ૧૨૫ પ્રતિ પક્ષ કરવામાં આવી છે. નવા નિયમો ૧૬ ફેબ્રુઆરીથી લાગુ પડશે.




લગ્નપ્રસંગોમાં વધતા ખર્ચ અને દેખાડાની વૃત્તિને રોકવા માટે શરૂ કરાયેલી ઉમા આદર્શ લગ્ન યોજના છેલ્લા ૧૩ મહિનામાં સમાજમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકી છે. સેંકડો પરિવારો યોજનાથી જોડાયા છે અને સાદગીભર્યા લગ્ન તરફ વલણ વધ્યું છે. પરંતુ તાજેતરમાં કેટલીક જગ્યાએ યોજનામાં લગ્ન કરીને બહાર ખાનગી પાર્ટી પ્લોટ અથવા અન્ય સ્થળે અલગ પ્રસંગો યોજી મોટા ખર્ચ થવાના બનાવો સામે આવતા સંસ્થાએ ગંભીર નોંધ લીધી હતી. યોજનાનો લાભ લઈ બહાર ભવ્ય કાર્યક્રમો યોજાતા હોવાથી દાતાઓના વિશ્વાસ અને યોજનાની ભાવના પર અસર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવે નવો નિર્ણય લેવાયો છે. લગ્ન પૂર્વેની ચાંદલા વિધિથી લઈને મંડપ રોપણ સહિતની તમામ વિધિઓ સંસ્થાના હોલમાં જ ફરજીયાત કરાઈ છે. સાથે જ બંને પક્ષને આમંત્રિત કરી શકાતા મહેમાનોની સંખ્યા ૧૧૧માંથી વધારી ૧૨૫ પ્રતિ પક્ષ, એટલે કુલ ૨૫૦ મહેમાનો સુધી કરવાની છૂટ આપવામાં આવી છે. યોજનામાં લગ્ન કરનારોએ બાદમાં અલગથી રિસેપ્શન રાખવા પર પ્રતિબંધ રહેશે. આ ફેરફારો તા.૧૬ ફેબ્રુઆરીથી અમલમાં મુકવામાં આવ્યા છે. જો કે, જેમણે અગાઉથી લગ્ન નોંધાવી દીધા છે તેઓ માટે જુના નિયમ યથાવત્ રહેશે, જ્યારે નવા નોંધાતા તમામ લગ્નો નવા નિયમોને આધીન રહેશે. પ્રમુખ બેચરભાઈ કે. હોથી, ઉપપ્રમુખ ત્રંબકભાઈ ફેફર અને ચેરમેન એ.કે. પટેલ દ્વારા જણાવાયું છે કે આ નિર્ણયનો હેતુ સમાજહિતનું રક્ષણ, દાતાઓના યોગદાનનો યોગ્ય ઉપયોગ અને યોજનાની પવિત્રતા જાળવવાનો છે.

# જામનગરના રામેશ્વર નગરમાં મહિલા જાગૃતિ સેમિનાર યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રામેશ્વર નગર ખાતે મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ.૨૦૦૫ અંતર્ગત જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને તેમના કાયદાકીય અધિકારો પ્રત્યે સજાગ કરી, આત્મવિશ્વાસ સાથે અન્યાય સામે અવાજ ઉઠાવવા પ્રોત્સાહિત કરાયા હતા.આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના પ્રતિનિધિ અને કસ્ટમ્સ તથા સેન્ટ્રલ જીએસટીના પેનલ વકીલ હર્ષિદાબેન જોશી દ્વારા ઘરેલું હિંસા અધિનિયમની વિવિધ જોગવાઈઓ, કાયદાકીય સુરક્ષા અને ઉપલબ્ધ સહાય અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેમાં મહિલાઓ માટે ન્યાયને સરળ બનાવવામાં DLSAની ભૂમિકાને વિશેષરૂપે ઉજાગર કરવામાં આવી હતી.કાર્યક્રમ દરમિયાન મહિલા અને બાળ અધિકારી ડૉ. પૂજાબેન ડોડીયા તથા દહેજ પ્રતિબંધ અધિકારી સોનલબેન વર્ણાગર દ્વારા પ્રશ્નોત્તરી પદ્ધતિથી અત્યંત સરળ ભાષામાં મહિલાઓને માર્ગદર્શન આપી, ઘરેલું હિંસા સામે કાયદાકીય રીતે મજબૂત બનવા પ્રેરણા આપવામાં આવી હતી. આ તકે DMC બંસીબેન ખોડિયાર દ્વારા વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓ અને GS હેતલબેન ચાવડા દ્વારા વ્હાલી દીકરી યોજના'' ના લાભાર્થીઓ સુધી પહોંચવા અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

વધુમાં, સખી વન સ્ટોપના સંચાલક દક્ષાબા રાઠોડ દ્વારા સંકટમાં રહેલી મહિલાઓ માટે OSC કેવી રીતે એક વિશ્વસનીય આધાર બની શકે તે અંગે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. મહિલાઓના હિત માટે સતત કાર્યરત રહેતી કચેરીની આ કામગીરી પ્રત્યે ઉપસ્થિત તમામ મહિલાઓએ સંતોષ અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને કાર્યક્રમના અંતે પ્રતીકરૂપે મહિલાઓને કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ડ્રગ્સ કેસનો ફરાર આરોપી પંજાબથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના મેઘપર પોલીસ સ્ટેશનમાંથી ડ્રગ્સ કેસનો આરોપી વિશાલસિંગ જશવીરસિંગ મટુ નાસી છૂટ્યા બાદ પંજાબથી ફરી ઝડપાઈ ગયો છે. તેને જામનગર પરત લાવવામાં આવ્યો છે.થોડા દિવસો પહેલાં જામનગર નજીક મોટી ખાવડી ગામ પાસેથી એસઓજી.એ પંજાબના ચાર શખ્સોને ૪૧૮ ગ્રામ હેરોઈન સાથે ઝડપી પાડ્યા હતા. આ આરોપીઓને મેઘપર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા. તેમાંથી વિશાલસિંગ જશવીરસિંગ મટુ નામનો આરોપી ગત ૭મી તારીખની સાંજે પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયો હતો.

આરોપીના નાસી છૂટ્યાની જાણ થતાં જ મેઘપર પોલીસ,એસ ઑજી.એલસીબી.સહિતની પોલીસ ટુકડીઓએ નાકાબંધી કરાવી હતી, પરંતુ વિશાલસિંગ હાથ લાગ્યો ન હતો. આ ઘટના બાદ મેઘપર પોલીસ સ્ટેશનના ત્રણ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.ત્યારબાદ પોલીસની અલગ-અલગ ટુકડીઓ દ્વારા આરોપીની સઘન શોધખોળ ચાલુ હતી. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે આરોપી તેના વતનમાં પંજાબ પહોંચી ગયો છે. આથી જામનગરથી એક પોલીસ ટુકડી પંજાબ રવાના થઈ હતી અને આરોપીને તેના વતનમાંથી ઝડપી પાડી જામનગર પરત લાવી હતી.

# વીસીપરામાં પીવાના પાણીની પાઈપલાઈનની કામગીરી શરૂ, ૧૦ હજાર મીટર કામ પૂર્ણ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા વીસીપરા વિસ્તારમાં રૂ.૯.૩૭ કરોડના ખર્ચે નવી DI-K7 પાણી પાઈપલાઈન નેટવર્ક સ્થાપવાની કામગીરી હાથ ધરાઈ છે. પ્રાથમિક તબક્કામાં ૩૫,૩૧૧ મીટરમાંથી ૧૦ હજાર મીટર પાઈપલાઈન નાખવાનું કામ પૂર્ણ થયું છે, જેનાથી વીસીપરા, અમરેલી મેઈન રોડ અને વિજયનગર મેઈન રોડ વિસ્તારમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ મળશે.



મોરબી મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખા દ્વારા વીસીપરા અને આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠાની સમસ્યા દૂર કરવા માટે વિગતવાર સર્વે કરી DPR તૈયાર કરવામાં આવ્યો હતો. સરકાર તરફથી રૂ.૯.૩૭ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ આ મહત્વપૂર્ણ યોજના અમલમાં મુકાઈ છે. આ યોજનાનો મુખ્ય હેતુ સમગ્ર વીસીપરા વિસ્તારમાં પૂરતા પ્રેશર સાથે અને સમાન પ્રમાણમાં શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવાનો છે. હાલના જૂના DI/PVC નેટવર્કને બદલીને નવી DI-K7 પાઈપલાઈન નાખવામાં આવી રહી છે. કુલ ૩૫,૩૧૧ મીટર લંબાઈ ધરાવતા નેટવર્કમાંથી ૧૦ હજાર મીટર કામ પૂર્ણ થયું છે.

વિતરણ નેટવર્કને વિશીપરા મેઈન રોડ, અમરેલી મેઈન રોડ અને વિજયનગર મેઈન રોડ એમ ત્રણ મુખ્ય વિભાગોમાં વહેંચવામાં આવ્યું છે. ૨૦૨૬ની અંદાજિત ૨૦,૧૬૧ વસ્તીને ધ્યાનમાં રાખીને ટકાઉ અને ભવિષ્યલક્ષી નેટવર્ક ઉભું કરવામાં આવી રહ્યું છે. નવા વાલ્વ અને વિતરણ વ્યવસ્થા દ્વારા પાણીનો નિયમિત અને સમાન પુરવઠો સુનિશ્ચિત કરાશે. યોજનાની પૂર્ણાહુતિ બાદ સમગ્ર વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાનો કાયમી ધોરણે અંત આવશે તેમ મહાનગરપાલિકાની વોટર વર્કસ અને ડ્રેનેજ શાખાની યાદીમાં જણાવ્યું છે.

# એડવાન્સ ટેકિન્કસે કરેલી ચૂંટણીલક્ષી કામગીરીને તંત્ર દ્વારા બિરદાવવામાં આવી

**મુખ્ય સમાચાર, જામનગર**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓના શિક્ષકો માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ વહીવટી કામગીરીમાં પણ પોતાની સૂઝબૂઝથી શ્રેષ્ઠતા સાબિત કરી રહ્યા છે. ૭૮-જામનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં BLO તથા અન્ય સ્ટાફની કામગીરીને વધુ ઝડપી અને પારદર્શક બનાવવા માટે એડવાન્સ ટેકિન્ક્સ અને સોફ્ટવેરનો અસરકારક ઉપયોગ કરનાર મદદનીશ શિક્ષક પરેશ કે. સહેત્યાની સરાહનીય કામગીરીને તંત્ર દ્વારા બિરદાવવામાં આવી છે.



શાળા નંબર ૪૫ માં ફરજ બજાવતા પરેશભાઈએ પોતાની ટેકનિકલ કુશળતાનો ઉપયોગ કરી જટિલ કામગીરીને અત્યંત સરળ અને વેગવંતી બનાવી હતી. તેમની આ નિષ્ઠા અને નવતર અભિગમ બદલ જામનગરના આસિસ્ટન્ટ કલેક્ટર અદિતિ વાર્ષ્નેય, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષ પરસોતમભાઈ કકલાણી તેમજ શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલના હસ્તે તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે, સરકારી કામગીરીમાં જ્યારે ટેકનોલોજીનો આવો સકારાત્મક સમન્વય થાય છે, ત્યારે સમયની બચત સાથે પરિણામ પણ સચોટ મળે છે. પરેશભાઈની આ કામગીરી અન્ય કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે. આ સન્માન બદલ શિક્ષણ જગત અને સાથી કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

## વાંકાનેરના રાતાવીરડા નજીક ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં શ્રમિકે ગળેફાંસો ખાઈ લેતા મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના રાતાવિરડા ગામની સીમમાં આવેલા સિરામિકના લેબર ક્વાર્ટરમાં ૧૯ વર્ષીય યુવકે આર્થિક તંગીને લઈને માનસિક તણાવમાં આવી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે.

વાંકાનેર તાલુકાના રાતાવિરડા ગામની સીમમાં આવેલ વરમોરા સિરામિક યુનિટ-૦૩ના લેબર ક્વાર્ટરમાં રહેતા પીયુષ આનંદકુમાર અગ્નિહોત્રી ઉવ.૧૯ મૂળરહે.ટકરુપુર તા. ચક્કરનગર જી. ઈટાવા ઉત્તરપ્રદેશ વાળાએ ગઈકાલ તા.૧૬/૦૨ના રોજ પોતાના રૂમમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે તે માનસિક તણાવમાં રહેતો હોય જે બાબતનું લાગી આવતા આ પગલું ભર્યું હોવાની વિગતો સામે આવી છે. મૃત્યુના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મોરબીના શનાળા ગામે એકટીવામાં દેશી દારૂની ખેપ મારતા એકની અટક

મોરબીના શનાળા ગણે પાણીના ટાંકા નજીક શંકાસ્પદ હાલતમાં નીકળેલ એકટીવાને રોકી તેની સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા તલાસી લેતા, એકટીવામાં ૬૦ કોથળીમાં ૧૨ લીટર દેશી દારૂ કિ.રૂ.૨,૪૦૦/-મળી આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપી એકટીવા ચાલક સિંધેશ ઉર્ફે લાલો મુકેશભાઈ સિંધવ ઉવ.૩૦ રહે. શકત શનાળા ગરબી ચોક મોરબી વાળાની અટકાયત કરી દેશી દારૂ તથા મોપેડ સહિત રૂ.૨૭,૪૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી જીલ્લા ભાજપની નવી ટીમ જાહેર, વિવિધ મોરચામાં વ્યાપક નિમણૂકો

**મુખ્ય સમાચાર, મોરબી**


ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની સહમતિથી જીલ્લા પ્રમુખ જયંતિભાઈ રાજકોટિયા દ્વારા મોરબી જીલ્લા ભાજપના નવા હોદ્દેદારો અને વિવિધ મોરચાના પ્રમુખ-મહામંત્રીઓની નિમણૂક જાહેર કરવામાં આવી છે. સંગઠનને વધુ સશક્ત બનાવવા તમામ તાલુકા-શહેરોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.

મોરબી જીલ્લામાં ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવવા જીલ્લા સ્તરે નવી ટીમની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માની સહમતિથી જીલ્લા પ્રમુખ જયંતિભાઈ રાજકોટિયા દ્વારા ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી સહિતના હોદ્દેદારોની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. જીલ્લા ઉપપ્રમુખ તરીકે અરવિંદભાઈ વાંસદડીયા, યોગેન્દ્રસિંહ ઝાલા, નિર્મળાબેન હડિયલ, અશોકભાઈ પ્રજાપતિ, ચેતનગીરી ગોસ્વામી, કાજલબેન ચંડીભમર, રસિકભાઈ વોરા અને મહેશભાઈ લીખિયાને જવાબદારી સોંપવામાં આવી છે. જીલ્લા મહામંત્રી તરીકે નિર્મલભાઈ જારીયા, તપનભાઈ દવે અને ચતુરભાઈ મકવાણાની પસંદગી થઈ છે. મંત્રી મંડળમાં જીતેન્દ્રભાઈ પટેલ, પીનાબેન પરીખ, દેવીકાબેન ભંખોડીયા, પ્રહલાદભાઈ દલવાડી, ગૌરીબેન કુકવા, કાનજીભાઈ ભુંભરીયા, રંજનબેન હુંબલ અને હર્ષિદાબેન અગ્રાવતને સ્થાન અપાયું છે. કોષાધ્યક્ષ તરીકે નેમિષભાઈ પંડિત અને કાર્યાલય મંત્રી તરીકે ભરતભાઈ કંઝારીયાની નિમણૂક કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા વિભાગમાં વિજયભાઈ ગજીયા, આઈ.ટી. વિભાગમાં પ્રતિકભાઈ પારેધી અને મીડિયા વિભાગમાં ભાવેશભાઈ કાનાણીની નિમણૂક કરવામાં આવી છે. તે ઉપરાંત યુવા મોરચા, મહિલા મોરચા, કિસાન મોરચા, બક્ષીપંચ (ઓબીસી) મોરચા, અનુસૂચિત જાતિ મોરચા અને લઘુમતી મોરચાના પ્રમુખ અને મહામંત્રીઓની પણ જાહેરાત કરવામાં આવી છે. જીલ્લા ભાજપ દ્વારા તમામ તાલુકા અને શહેરોને આવરી લેતી સંગઠનાત્મક રચના ઉભી કરવામાં આવી છે, જે આગામી રાજકીય કાર્યક્રમો અને ચૂંટણીને ધ્યાનમાં રાખીને કાર્ય કરશે.

# આજે કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ

## મંગળવારે કંકણાકૃતિ સૂર્યગ્રહણનો અદભુત અવકાશી નજારોઃ વિજ્ઞાન જાથા દેશભરમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં મંગળવાર તા. ૧૭ મી ફેબ્રુઆરીએ કંકણાકૃતિ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણનો અદભુત અવકાશી નજારો જોવા મળશે. ભારતમાં સૂર્યગ્રહણ દેખાશે નહિ. વિશ્વભરમાં રોમાંચકારી ખગોળીય ઘટના નિહાળવા લાખો-કરોડો લોકો ઈન્તજાર કરી રહ્યા છે. આ ગ્રહણ દક્ષિણ આર્જેન્ટીના, ચિલી, દક્ષિણ આફ્રિકા, એન્ટાર્કટિકા, પેસિફિક, ફીઝીમાં જોવા મળવાનું છે. ભારત જન વિજ્ઞાન જાથા દેશભરમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ગ્રહણની અવધિ ૦૪ કલાક ૩૧ મિનિટની છે.

ભૂમંડલે ગ્રહણ સ્પર્શ ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ : ૧૫ કલાક ૨૬ મિનિટ ૨૬ સેકન્ડ, ગ્રહણ સંમિલન : ૧૭ કલાક ૧૨ મિનિટ ૫૪ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૧૭ કલાક ૪૨ મિનિટ ૦૪ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૧૮ કલાક ૧૧ મિનિટ ૨૯ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૧૯ કલાક ૫૭ મિનિટ ૪૨ સેકન્ડ, ગ્રહણનું ગ્રાસમાન : ૦.૯૬૩, સંપૂર્ણ ગ્રહણ કાળ : ૦૪ કલાક ૩૧ મિનિટનો રહેશે. કંકણાકૃતિ ગ્રહણનો કુલ સમય ૦૨ મિનિટ ૨૦ સેકન્ડ અદ્દભુત જોવા મળશે.

જાથાના રાજ્ય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે ભારતમાં ગ્રહણ દેખાશે નહિ છતાં રાજયમાં ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ ગામે ગામે આપનાર છે. અવકાશી ચંદ્રગ્રહણો કે સૂર્યગ્રહણો માત્ર ને માત્ર અવકાશી પરિભ્રમણ અને ભૂમિતિની રમત છે. ગ્રહણોની ખગોળીય ઘટનાનો વૈજ્ઞાનિકો માનવ કલ્યાણકારી સંશોધનો માટે કરે છે. આ વર્ષે વિશ્વના વૈજ્ઞાનિકો દક્ષિણ આર્જેન્ટીના, ચિલિ, દક્ષિણ આફ્રિકા, પેસેફિક, દક્ષિણ અમેરિકા, એન્ટાર્કટિકામાં પડાવ નાખી દીધો છે. તેઓ ગ્રહણની અસરો, સંશોધનો, પશુ-પક્ષી અને તેની ગતિવિધિનો અભ્યાસ કરે છે અને ટી.વી. ઉપર ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે. કરોડો માઈલ દૂર ગ્રહણ થાય છે તેની માનવજીવન ઉપર કશી જ અસર થતી નથી તેવી હકિકત મુકે છે. માનવ સુખાકારીની ચિંતા કરતા હોય છે. જયારે ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જૂની રદ્દી દંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્ર ને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ-ક્રિયાકાંડો, વૈધાદિ નિયમો સૂતક-બૂતક ઠોકી, શારીરિક-માનસિક, આર્થિક શોષણનું કામ લેભાગુઓએ કર્યું છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન-પુણ્ય, જપ-તપ, સ્નાન કરવું, રાશિ ફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ વિરોધ કરે છે. સદીઓથી લેભાગુઓના મિલાપીપણાના કારણે દેશમાં ગુમરાહ-ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. ગ્રહણ સમયે લેભાગુઓ પોતાની આજીવિકા-રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમો આપી નકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓની હોળી કરે છે. જેથી જાથાએ સમગ્ર દેશમાં અભિયાન હાથ ધર્યું છે. વધુમાં એડવોકેટ પંડયાએ જણાવ્યું કે જાથાની રાજય અને રાષ્ટ્રીય કચેરી ખંડગ્રાસ અને કંકણાકૃતિ સૂર્યગ્રહણની અલભ્ય તસ્વીરો લોકો સમક્ષ મુકશે. સાડા ચાર કલાકની ગ્રહણની ગતિવિધ ટી.વી. ઉપર અદ્દભુત જોવા મળશે. ગ્રહણ કેવી રીતે થાય છે તે નજરોનજર બતાવવામાં આવે છે. રાજયમાં જાથાની રાજય કચેરી અને પ્રાદેશિક કચેરી તેની શાખાઓ ગ્રહણ સંબંધી જાણકારી, લોકચળવળ ઉભી કરવા કાર્યક્રમો આપનાર છે. લેભાગુઓના ફળકથનો અને પંચાગનું ગતકડું મુકવામાં આવે છે કે ભારતમાં ગ્રહણ દેખાશે નહિ એટલે ગ્રહણ પાળવાનું નથી. આ એક પ્રકારનું ગતકડું જ છે. ફળકથનોનો, લેભાગુઓનો, આગાહીકારોનો વિશ્વાસ કરવો નહિ.

# રાજકોટમાં ડિજિટલ ક્રોપ સર્વેની ચકાસણી માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બોટની મદદ લેવાશે

### ખેડૂતોને ઓટોમેટેડ કોલ કે વોટ્સએપ મેસેજ મારફતે વિગતોની ખરાઈ કરાવા અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત સરકારની એગ્રીસ્ટેક યોજના અંતર્ગત ખેતી ક્ષેત્રે આધુનિકતા લાવવાના હેતુથી ડિજિટલ ક્રોપ સર્વે સિસ્ટમ અમલી બનાવાઈ છે. આ કામગીરીને વધુ સચોટ અને પારદર્શક બનાવવા સરકારે એ.આઈ. બોટ સિસ્ટમ દ્વારા વેરિફિકેશનની પ્રક્રિયા હાથ ધરી છે. આ નવી વ્યવસ્થા હેઠળ રાજકોટ જિલ્લાના ખેડૂતોએ ઓટોમેટેડ વોઈસ કોલ અથવા વોટ્સએપ મેસેજ દ્વારા પૂછ્વામાં આવતી વિગતોની ખરાઈ કરવાની રહેશે.

નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) રાજકોટની કચેરી દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, રવિ ઋતુ દરમિયાન સર્વેયરોએ ખેતરોની મુલાકાત લઈને જીઓ-ટેગિંગ સાથે પાકની જે વિગતો મોબાઈલ એપ્લિકેશનમાં નોંધવી છે, તેની ચોકસાઈ ચકાસવા માટે એ.આઈ. ટેકનોલોજીનો ઉપયોગ થઈ રહ્યો છે. જે ખેડૂતોનો સર્વે પૂર્ણ થયો છે તેમનો ફોન કે મેસેજથી સંપર્ક કરીને તેમના ખેતર અને પાક સંબંધિત માહિતીની ખરાઈ કરવામાં આવશે. ખેડૂતો આ પ્રકારના કોલ કે મેસેજ પર પોતાના પાકની સાચી અને સચોટ વિગતો આપે તેવી અપીલ કરવામાં આવી છે.

આ એક સરકારી પહેલ હોવાથી ખેડૂતોએ કોઈ પણ પ્રકારની અફવાઓ કે ગેરમાર્ગે દોરનારી વાતોથી દૂર રહેવું જોઈએ. ડેટામાં પારદર્શિતા આવવાથી ભવિષ્યમાં ખેડૂતોને સરકારી યોજનાઓના લાભો વધુ ઝડપથી મળી શકશે. રાજકોટ જિલ્લાના તમામ ખેડૂતોને આ ડિજિટલ અભિયાનમાં સહયોગ આપવા અને સરકારી પ્રક્રિયાઓ પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરવામાં આવી છે.

# જામનગરના યુવાનો માટે લોકશાહીના મૂલ્યો અને રાષ્ટ્ર નિર્માણના વિચાર રજૂ કરવા યુથ એસેમ્બલીનું આયોજન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. ગુજરાત સરકાર દ્વારા લોકશાહી શાસન વ્યવસ્થાના ગુણો યુવક-યુવતીઓમાં વિકસે, યુવા વર્ગમાં મતદાનનું મહત્વ સમજાય અને ચૂંટણી વ્યવસ્થાની ઊંડી માહિતી મળે તેવા ઉમદા હેતુથી જામનગર જિલ્લા તથા શહેર કક્ષાએ યુથ એસેમ્બલી.કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ દ્વારા રાષ્ટ્ર નિર્માણ અને લોકતંત્રને મજબૂત બનાવવા માટે ૧૫ થી ૨૯ વર્ષના યુવક-યુવતીઓને એક વિશિષ્ટ મંચ પૂરું પાડવામાં આવશે, જેમાં સહભાગીઓને નિર્ધારિત વિષયો પર પોતાના વિચારો રજૂ કરવા માટે ૫ થી ૧૦ મિનિટનો સમય આપવામાં આવશે. આ સ્પર્ધામાં જિલ્લા અને શહેર કક્ષાએથી પસંદ થયેલા એક-એક વિજેતા ઉમેદવારને રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની અમૂલ્ય તક પ્રાપ્ત થશે.


જામનગર શહેરની વિવિધ શાળાઓ, કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાંથી વધુમાં વધુ યુવાનો આ રાષ્ટ્રહિતના કાર્યક્રમમાં જોડાય તે માટે જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા અપીલ કરવામાં આવી છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ જરૂરી ફોર્મ ભરીને તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ બપોરે ૧૨ કલાક સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જિલ્લા સેવા સદન-૪, રૂમ નં. ૪૨, રાજપાર્ક પાસે, જામનગર ખાતે મોકલી આપવાના રહેશે. યુવા શક્તિના વિચારો થકી લોકશાહીને વધુ સુદ્રઢ બનાવવાના આ અભિગમમાં જોડાવવા માટે જામનગરની યુવા પેઢીમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી, જામનગરની યાદીમાં જણાવાયું છે.

# મચ્છુ નદી પર શાંતિવન આશ્રમથી વેજીટેબલ રોડ સુધી નવા ડાઉનસ્ટ્રીમ બ્રિજ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરની ટ્રાફિક સમસ્યાના કાયમી ઉકેલ માટે મહાનગરપાલિકા દ્વારા મચ્છુ નદી પર નવા ડાઉનસ્ટ્રીમ બ્રિજના નિર્માણ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. અંદાજે રૂ. ૪૦ કરોડના ખર્ચે બનનારો આ બ્રિજ શાંતિવન આશ્રમથી વેજીટેબલ રોડ સુધી બનાવાશે, જે શહેરના વિવિધ વિસ્તારોને સીધી કનેક્ટિવિટી આપશે.

મોરબી શહેરના મધ્યમાંથી પસાર થતી મચ્છુ નદી પર હાલ એક આવન અને એક જાવન માટેના બ્રિજ ઉપલબ્ધ હોવાથી સમગ્ર શહેરનો ટ્રાફિક આ જ માર્ગ પરથી પસાર થાય છે. પરિણામે શહેરમાં ખાસ કરીને



પીક અવર્સ દરમિયાન ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે મહાનગરપાલિકા દ્વારા પાડાપુલની ડાઉનસ્ટ્રીમ બાજુ નવા બ્રિજના નિર્માણ માટે ડીટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની યોજના હેઠળ અંદાજે રૂ. ૪૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા લાઈવ કરવામાં આવી છે.

પ્રસ્તાવિત બ્રિજમાં અંદાજે ૧૬ ગાળા રહેશે, ૧૦.૫૦ મીટર પહોળો કેરેજ-વે તેમજ બન્ને બાજુ ૧.૫૦ મીટર પહોળી ફૂટપાથની સુવિધા આપવામાં આવશે. આ બ્રિજનું નિર્માણ શાંતિવન આશ્રમથી શરૂ થઈ મોરબી-૨ વિસ્તારમાં આવેલ વેજીટેબલ રોડ સુધી કરવામાં આવશે. બ્રિજ પૂર્ણ થયા બાદ વીસીપરા, લાયન્સનગર, રણછોડનગર, અમરેલી વિસ્તાર તેમજ મોરબી-૨ થી વિશીપરા વચ્ચે અવરજવર કરતા નાગરિકોને નોંધપાત્ર ટ્રાફિક રાહત મળશે. સાથે સાથે શહેરના વાહન વ્યવહારને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં પણ મદદ મળશે.

# જામનગર શહેરના નવા બ્રીજ પરથી બાઈક સહિત પટકાતા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં નવા બ્રીજ પરથી બાઇક સહિત નીચે પટકાતા ગંભીર ઇજા સબબ એક યુવાનનું મૃત્યુ નિપજતા શોકની લાગણી ફેલાઇ ગઇ છે. ફોરેસ્ટ ગેઇટ પાસેના નવા પુલ ઉપરના ભાગે આરસીસીની દિવાલ સાથે બાઇક અચાનક અથડાઇ જતા બનાવ બન્યો હતો.

જામનગરના વુલનમીલ નજીક ખેતીવાડી સામે શેરી નં. ૮માં રહેતા દિનેશ વેલજીભાઇ રાઠોડ ઉ.વ.૨૧.નામનો યુવાન રાત્રીના પોતાની મોટરસાયકલ નં. જીજે૧૦સીએચ-૬૬૭૫ ચલાવીને તેના ઘરેથી ગુલાબનગર તરફ અંબર ચોકડીથી વિકટોરીયા પુલ સુધીના નવા પુલ પર ફુલસ્પીડે ચલાવીને જતો હતો.દરમ્યાન ફોરેસ્ટ ઓફીસ ગેઇટના નવા પુલ ઉપરના ભાગે પહોચતા ડાબી બાજુ આરસીસી દિવાલ સાથે તેની મોટરસાયકલ અચાનક અથડાઇ જતા બાઇક સહિત નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઇજા પહોચી હતી. આથી ૧૦૮ ને જાણ કરવામાં આવતા તાકીદે એમ્બ્યુલન્સ ત્યાં આવી હતી અને જી.જી. હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના તબીબે જોઇ તપાસ મરણ ગયાનું જણાવ્યુ હતું.

આ બનાવ અંગે ખેતીવાડી સામે રહેતા વેલજી દેવાભાઇ રાઠોડ દ્વારા સીટી-બી ડીવીઝનમાં મોડી રાત્રીના જાહેર કર્યુ હતું જેના આધારે પીએસઆઇ મોઢવાડીયા તપાસ ચલાવી રહયા છે. યુવાનના મૃત્યુના બનાવથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઇ ગઇ હતી.

# મહાશિવરાત્રીના દિવસે કતલખાનાં બંધ રાખવાના આદેશનો ભંગ, કડક કાર્યવાહીની માંગ

**મુખ્ય સમાચાર, મોરબી**

મહાશિવરાત્રી નિમિત્તે મોરબી મહાનગરપાલિકા દ્વારા કતલખાનાં તથા માંસ-મટનના વેચાણ પર પ્રતિબંધનો આદેશ આપવામાં આવ્યો હતો. છતાં શહેરના કેટલાક વિસ્તારોમાં દુકાનો ચાલુ હોવાના આક્ષેપ સાથે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા કડક કાર્યવાહીની માંગ ઉઠાવવામાં આવી છે.

મહાશિવરાત્રીના પવિત્ર દિવસે શહેરમાં ધાર્મિક ભાવનાઓને ધ્યાનમાં રાખી મોરબી મહાનગરપાલિકાના કમિશનર દ્વારા ૧૫મી ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા તમામ પ્રકારના કતલખાનાં બંધ રાખવા તેમજ માંસ, મટન, ચિકન અને માછ્લીના વેચાણ પર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. છ્તા કેટલાક વિસ્તારોમાં દુકાનો, કતલખાનાં અને લારીઓ ચાલુ હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આ બાબતને લઈ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ મુદ્દે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના આગેવાનો દ્વારા જણાવાયું છે કે જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર વેપારીઓ સામે તાત્કાલિક કાયદેસર પગલાં લેવાં જોઈએ. કમિશનર અને સંબંધિત પોલીસ અધિકારીઓને લેખિત રજૂઆત કરી કડકમાં કડક કાર્યવાહી તથા ગુનો નોંધવાની માંગ કરવામાં આવી છે. હાલ આ મામલો શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે અને સંબંધિત તંત્ર દ્વારા આગળની કાર્યવાહી અંગે નિર્ણય લેવાશે.

# રાજકોટ-મોરબી બાયપાસ રોડ ઉપર અજાણી કારે મોપેડને હડફેટે લેતા બે ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લક્ષ્મીનગર જઈ રહેલા બે કુટુંબી ભાઈને અકસ્માત નડ્યો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં મોપેડ સવાર બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે. જેમાં ઍક્સેસ મોપેડને પાછળથી ટક્કર મારી અજાણી કારણો ચાલક પોતાનું વાહન લઈને નાસી ગયો હતો. હાલ તાલુકા પોલીસે ઈજાગ્રસ્ત મોપેડ ચાલકની ફરિયાદને આધારે આરોપી અજાણ્યા કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ, મોરબીના લક્ષ્મીનગર ગામે રહેતા મૌલિકભાઈ કાંતિભાઈ વિરપરિયા ઉવ.૨૫ અને તેમના કૌટુંબીક ભાઈ કુલદીપભાઈ વિરપરિયા ગઈ તા.૧૦/૦૨ના રોજ પોતાના સુઝુકી કંપનીના ઍક્સેસ રજી.નં. જીજે-૩૬-એએમ-૪૧૯૩ મોપેડમાં મોરબી પૂજાપાની ખરીદી કરવા આવ્યા હતા, જે બાદ તેઓ લક્ષ્મીનગર ગામ પરત જઈ રહ્યા હતા ત્યારે, રાજકોટ-મોરબી બાયપાસ હાઈવે રોડ ઉપર રિવર હોટલ સામે રોડ ઉપર પહોંચ્યા હશે.

ત્યારે પાછળથી ફૂલ સ્પીડમાં આવતી અજાણી કારના ચાલકે ઍક્સેસને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં મોપેડ ચાલજ મૌલિકભાઈને માથાના ભાગે અને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચી હતી, જ્યારે પાછળની સીટમાં બેસેલ કુલદીપભાઈને ચહેરા ઉપર તથા માથાના ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી અજાણી કારણો ચાલક સ્થળ ઉપરથી ભાગી ગયો હતો. હાલ તાલુકા પોલીસે આરોપી અજાણી કારના ચાલક સામે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ મહિલા એડવોકેટ સ્વ. ઈલાબેન ઉપાધ્યાયની આજે જન્મજયંતિ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ મહિલા ક્રિમીનલ એડવોકેટ , ભારત સરકારના નોટરી, ‘‘કાયદાના રક્ષક‘‘ના બિરુદ થી સન્માનિત સ્વ ઇલાબેન ઉપાધ્યાય પાણેરીની જન્મજયંતિ નિમિતે કષ્ટભંજન દેવ સાળંગપુર હનુમાન દાદા મંદિર ખાતે પૂજા કરવામાં આવશે તેમજ દરિદ્રનારાયણ અને જરૂરિયાતમંદો ની યથાશક્તિ મુજબ મદદ કરી તેમના ચહેરા પર સ્મિત લાવવાના પ્રયાસ કરવામાં આવશે. વકીલાત ક્ષેત્રે આગવું સ્થાન અને સિદ્ધિઓ હાંસલ કરનારા, ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ મહિલા ક્રિમીનલ એડવોકેટ, ભારત સરકારના નોટરી તેમજ કાયદાના રક્ષકના બિરુદથી સન્માનિત, સ્વ ઇલાબેન ઉપાધ્યાય પાણેરીની આજે જન્મજયંતિ છે



પચ્ચીસ વર્ષથી વધુ સમય ની ઝળહળતી કાયદાકીય કારકિર્દી મા તેઓ કાયદાના માર્ગે ન્યાયિક રીતે કરેલા અસંખ્ય સત્કર્મો થકી અનેક ગરીબ ન્યાયવાંછુકોના ચેહરા પર સ્મિત લાવ્યા છે. ત્યારે પરિવાર દ્વારા ધાર્મિક વૈદિક સંસ્કારોના સિંચન સાથે કષ્ટભંજન દેવ સાળંગપુર હનુમાન દાદાના મંદિરમા પૂજા કરી યથાશક્તિ મુજબ દરિદ્રનારાયણ અને જરૂરિયાતમંદોની મદદ કરી તેમના જન્મજયંતિની ઉજવણી કરવાનો નિર્ધાર કરાયો છે

# રેલનગર મેન રોડ અજાણ્યા બાઈકની ઠોકરે ઘવાયેલા યુવકનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલનગરમાંથી ઘરે જઈ રહેલા યુવકને અજાણ્યા બાઈકના ચાલકે ઠોકરે લઈ નાશી છુટ્યો હતો.ગંભીર ઈજા પહોંચી હોવાથી યુવકને સારવાર અર્થે ખસેડતા તેનું ચાલુ સારવારમાં મોત નિપજતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રેલનગરમાં આવેલા સંતોષીનગરમાં રહેતા ભૂપત ચનાભાઈ ટોયટા ઉ. ૪૦ નામનો યુવક ગતરાત્રીના પોતાનું બાઈક લઈ ઘરે જતો હતો.ત્યારે રેલનગર મેઈન રોડ પર અજાણ્યા વાહનના ચાલકે બાઈક સવાર યુવકને ઠોકરે લઈ નાશી છુટ્યો હતો.બનાવના પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા.અને ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.જયાં તેનું ચાલુ સારવારમાં મોત નિપજતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ત્રણભાઈ અને બે બહેનમાં નાનો હતો.સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. ગાડી ઉતારવાનું કામ પૂર્ણ કરી પરત ઘરે ફરિ રહ્યો હતો. ત્યારે રસ્તામાં અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. હાલ પોલીસે અકસ્માત સર્જી ફરાર થયેલા ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

## ઉત્તર - પૂર્વનાં પવનો ફુંકાવા લાગતા સવારે ઠંડી

રાજકોટ સહિત રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી બપોરે ઉનાળા જેવી ગરમી રહ્યા બાદ આજે ફરી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનાં કારણે હવામાન પલ્ટો સર્જાયો છે અને સવારે ફરી પવનની દિશા બદલી છે અને ઉત્તર-પૂર્વના ઠંડા પવનો ફુંકાવા લાગતા આજે સવારમાં લોકોએ હજુ શિયાળો છે તેવો અહેસાસ કર્યો હતો. આજે સવારમાં ઉત્તર-પૂર્વનાં ઠંડા પવનો ફુંકાવા સાથે સવારનાં તાપમાનમાં પણ ઘટાડો થયો હતો અને રાજકોટ સહિત સાત શહેરોમાં ૧૫ ડિગ્રી આસપાસ તાપમાન નોંધાયુ હતું. પ્રાપ્ત વિગતો મુજબ આજરોજ સવારે રાજકોટમાં ૧૫.૮, પોરબંદરમાં ૧૫, નલિયામાં ૧૨.૪, દિવમાં ૧૫, ડિસામાં ૧૫.૫ તથા ભુજમાં ૧૫.૨ અને અમરેલીમાં ૧૫.૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું. જયારે કંડલામાં ૧૬.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

# રાજકોટ જીલ્લા પંચાયતનું નવા વર્ષનું ૧૧૯૩.૬૮ કરોડનું બજેટ કારોબારીમાં રજૂ



તસ્વીર : ગૌરવ લશ્કરી

### જીલ્લા પંચાયતની કારોબારીમાં ૨૮.૦૯ કરોડના નવા વિકાસ કામોને મંજૂરી : શહિદ થયેલા સૈનિકના પરિવારને રૂ.૨ લાખ આપવાની દરખાસ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ જીલ્લા પંચાયતની કારોબારીની ખાસ બેઠક પી.જી.કયાડાની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં રાજકોટ જિલ્લા પંચાયતનું ૨૦૨૫-૨૬નું સુધારેલુ તેમજ નવા નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭નું પુરાંતવાળુ બજેટ ડીડીઓએ કારોબારી અધ્યક્ષ પી.જી.કયાડાને સોપ્યું હતું. નવા વર્ષના બજેટમાં ૧૧૯૩.૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે જે પૈકી સ્વભંડોળમાં રૂ.૨૬ કરોડ, રાજય સરકાર તરફથી અનુદાનમાં ૧૧૪૪.૧૩ કરોડની અને દેવા વિભાગનું રૂ.૨૩.૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

રાજકોટ જીલ્લા પંચાયતના રજૂ કરાયેલા બજેટમાં જે વિશેષ જોગવાઇ કરવામાં આવી છે તેમાં વિકાસ કામો માટે ૧૨.૬૦ કરોડ, રાજકોટ જિલ્લામાં રહેતા અને શહિદ થયેલા સૈનિક પરિવારને રૂ.૧ લાખમાંથી વધારી ૨ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જયારે જીલ્લા પંચાયત હેઠળ આવેલા સેવા વર્ગ-૩ અને ૪ના શિક્ષણ વિભાગના કર્મચારીઓ ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામે તો નાણાકીય સહાય ૫૦ હજારથી વધારે ૧ લાખ કરવાની જોગવાઇ કરાઇ છે. વધુમાં વિચરતી વિમુકત જાતીની દિકરીઓ માટે ૨૦ લાખની શિક્ષણ સહાયની જોગવાઇ કરવામાં આવી છે. હવે આ બજેટ મંજૂરી માટે આગામી તા.૨૭ના રોજ સામાન્ય સભા સમક્ષ મુકાશે.

આજે મળેલી કારોબારીમાં કુલ નવા ૨૮.૦૯ કરોડના બાંધકામ શાખા તેમજ સિચાઇ શાખા તથા સમાજ કલ્યાણ ખાતાના વિકાસ કામોને મંજૂરી અપાઇ હતી. આજની કારોબારીની બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, ડીડીઓ અનંદુ સુરેશ ગોવિંદ, ડે. ડીડીઓ, જીલ્લા પંચાયતના, કારોબારી સદસ્યો તેમજ શાખા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આજે કારોબારી સમિતિની બેઠકની શરૂઆતમાં વંદે માતરમનું ગાન તેમજ અંતમાં રાષ્ટ્ર ગીત ગવાયું હતું.

# વાઘોડિયા ઘટકના આંગણવાડી કેન્દ્રોને સુદ્રઢ બનાવવા ‘‘આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ’’ અંતર્ગત કાયાકલ્પ

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેનો મુખ્ય હેતુ રાજ્યમાં કાર્યરત આંગણવાડી કેન્દ્રોને વધુ સ્વચ્છ, સુરક્ષિત,રંગરોગાન કરી માળખાકીય સુવિધાઓનું વધારો કરવાનું છે, જે માટે આગણવાડી કેન્દ્રોને જર્જરિત થતા અટકાવવાના હેતુસર વાર્ષિક મરામત, જાળવણી, તથા રિનોવેશન માટે રાજ્ય સ્તરેથી જિલ્લા સ્તરે ગ્રાન્ટની જોગવાઈ કરવામાં આવેલ છે




જે સંદર્ભે વાઘોડિયા ઘટકમાં ૧૭૫ આંગણવાડી કેન્દ્રો પૈકી ૧૦૨ આંગણવાડી કેન્દ્રમાં સ્વચ્છતા સહિત નવીનીકરણ ઝુંબેશની કામગીરી આઇ.સી.ડી.એસ. શાખા, વાઘોડિયા ઘટક દ્વારા શરૂ કરવામાં આવી છે જે પૈકી ૪ આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી પૂર્ણ કરવામાં આવી છે તેમજ ૫ આંગણવાડી કેન્દ્રો પદ્ધતિ હેઠળ છે. મોટા સમરકામમાં આંગણવાડીની માળખાકીય સુવિધામાં જરૂરિયાત મુજબ ભોઈતળિયું, સ્લેબ, બારી-દરવાજા, ટોયલેટ રીપેરીંગ, કલરકામ, ભીતચિત્રો, કિચન વગેરે અને વાર્ષિક મારામતની ગ્રાન્ટ માંથી કરવામાં આવે છે તેમજ નાના સમારકામો સુવિધા અંતર્ગત કલરકામ, ભીતચિત્રો, પાણી, ટોયલેટ, બારી-દરવાજા રીપેરીંગ, છ્ત રીપેરીંગ વગેરે કામગીરી ચાલુ છે. તેમજ નવીનીકરણ ઝુંબેશ અંતર્ગત રાજ્ય કક્ષાએથી ૨૦૨૪-૨૫ માટે ૫ આંગણવાડી કેન્દ્રો દીઠ ૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવાઈ છે, બીજી બાજુ નાના સમારકામ માટે ૮૫૦૦ ગ્રાન્ટ હેઠળ ૭૩ આંગણવાડી કેન્દ્રોમાં કામગીરી પૂર્ણ થઈ છે. જ્યારે ૨૪ આંગણવાડી કેન્દ્રો ATVTની ગ્રાન્ટમાં બાલા પેઈન્ટિંગ તેમજ શેડ અને કમ્પાઉન્ડ વોલ સાથે કામગીરી આયોજનમાં લેવામાં આવેલ છે, ૩ આંગણવાડી કેન્દ્રો અંબુજા ફાઉન્ડેશન (વોલ્ટાસ) CSR દ્વારા સ્માર્ટ બનાવી દેવામાં આવેલ છે આયોજનમાં લીધેલા આંગણવાડી કેન્દ્રોની કામગીરી ટૂંક સમયમાં પૂર્ણ થશે.

વધુમાં સરકારશ્રી દ્વારા નક્કી કરેલ મૂલ્યાંકન મુજબ દરેક ઘટક દીઠ ૩ આંગણવાડી ગ્રામ્ય અને ૩ આંગણવાડી કેન્દ્ર નગરપાલિકામાં મૂલ્યાંકન મુજબની આંગણવાડી કેન્દ્રોને જિલ્લા કક્ષાએ પુરસ્કાર તરીકે મોકલવાની છે, આ કામગીરી બાબતે માન. પોગ્રામ ઓફિસરશ્રી નું સતત માર્ગદર્શન મળેલ છે તેમજ આંગણવાડી કેન્દ્રને ૧૬ ફેબ્રુઆરી સુધીમાં વાઘોડિયા ઘટકની તમામ આંગણવાડી કેન્દ્રો કામગીરી પૂર્ણ કરવા માટે સતત માર્ગદર્શન શ્રી.મોનીષાબેન પંચાલ, બાળ વિકાસ યોજના તરફથી આંગણવાડી કાર્યકરને તેમજ ફિલ્મ વિઝીટ માં જઈ સ્થળનું નિરીક્ષણ કરી સતત મોનિટરિંગ પણ કરવામાં આવે છે તે અંગેનું જિલ્લા કક્ષાએ રિપોર્ટિંગ ડે ટુડે આપવામાં આવે છે બાળ વિકાસ યોજના અધિકારી યાદી માં જણાવેલ છે

# રાજકોટના વેપારીને ભાગીદારીમાં સોફ્ટવેર કંપની ખોલાવી રૂ.૧.૧૭ લાખની ઠગાઈ કરી

### ધંધામાં મદદ કરવા જતા રાજકોટ- અમદાવાદના બે વેપારી ફસાયાઃ કંપનીના સોફ્ટવેર બારોબાર ઉઠાવી લઈ દુબઈ વેપાર શરૂ કરનાર દંપતી સામે ગુનો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતા અને અમદાવાદ, મુંબઈ ધંધો કરતા વેપારીને પ્લાસ્ટીકના ધંધા સાથે સંકળાયેલા મુંબઈના દંપતિએ પરીચય કેળવી તેના ધંધામાં નુકશાની આવી હોવાની વાત કરી સોફ્ટવેરની પેઢી ખોલાવી તેની સાથે અન્ય અમદાવાદના ભાગીદાર બનાવી પેઢીના ડેટા બારોબાર ઉઠાવી લઈ દુબઈ પોતાનો ધંધો શરૂ કરી નાસી જઈ તેની અને તેના ભાગીદાર સાથે રૂ.૧.૧૭ કરોડની છેતરપીંડી આચર્યાની ફરિયાદ કરતા ગુના નિવારણ શાખા દ્વારા ગુનો નોધી આરોપી દંપતિની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ બનાવ અંગે માહિતી મુજબ ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઈન્દીરા સર્કલ પાસે સવન સાઈન એપાર્ટમેન્ટમાં રહેતા અને ભકિતનગર સ્ટેશન પ્લોટ પાસે પ્લાસ્ટિક બેગનો વ્યવહાર કરતા વેપારી નિલેશભાઈ હસમુખલાલ તુરખીયાએ મુંબઈના રવનીત રાધવ કપુર અને તેના પતિ રાઘવ અનીલ કપુર સામે ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે નિલેશભાઈએ વર્ષ ૨૦૨૨ માં પ્લાસ્ટીકની બેગનો વેપાર કરતા હોય જેથી તેને મુંબઈના દંપતિ રવનીત કપુર અને રાઘવ કપુર સાથે પરીચય થયો હતો બાદમાં દંપતિને ધંધામાં ખોટ જતા તે અમદાવાદ ખાતે આવ્યા હતા અને તેને મદદ કરવા માટે વાત કરતા નિલેશભાઈ તુરખીયાએ નાણાનુ રોકાણ કરી રવનીત રાઘવ કપુર સાથે ભાગીદારીમાં 'નવકાર ટેકનોલોજી એન્ડ કોમ્યુનીકેશન' નામે સોફ્ટવેર ડેવલપમેન્ટની પેઢી શરૂ કરી હતી.બાદમાં વધુ પૈસાની જરૂર પડતા આ પેઢીમાં નિલેશભાઈ અને અન્ય એક ભાગીદાર અમદાવાદના કેવીન મિસ્ત્રી સાથે મળી કુલ રૂા. ૩,૦૦,૭૮,૦૧૪ જેટલું માતબર રોકાણ કર્યું હતું. કરાર મુજબ, રોકાણ વેપારીને કરવાનું હતું. જ્યારે સોફ્ટવેર ડેવલપમેન્ટ અને ઓફિસ મેનેજમેન્ટની જવાબદારી રવનીત કપુરની હતી. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી રવનીત કપુર અને તેના પતિ રાઘવ કપુરે ફરિયાદીઓની જાણ બહાર 'નવકાર ટેકનોલોજી' નો તમામ કિંમતી ડેટા પોતાની માલિકીની (અમદાવાદ) અને (દુબઈ) નામની કંપનીઓમાં ટ્રાન્સફર કરી દીધો હતો. આરોપીઓએ પેઢીના ડેટા અને '' નામના સોફ્ટવેરની ચોરી કરી તેને નવું નામ આપી પોતાના અંગત ફાયદા માટે ઉપયોગ કરવાનું શરૂ કયું હતું. એટલું જ નહીં, ભાગીદારી પેઢીના નામે જમા થયેલી રકમમાંથી આશરે રૂા. ૩૨.૨૦ લાખ પોતાના અંગત વપરાશમાં વાપરી નાખ્યા હતા અને બાકીના રૂા. ૮૫.૨૭ લાખનો કોઈ હિસાબ આપ્યો ન હોય કુલ રૂ.૧.૧૭ કરોડની છેતરપીંડી કર્યાનું જણાવતા પીએસઆઈ મકરાણી સહીતની ટીમે દંપતિ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# પડધરીના સાલ પીપળિયા નજીક તુફાનના ચોરખાનામાં છુપાવેલો ૯૮ બોટલ દારૂ ઝડપાયો

### ૩.૫૧ લાખનો મુદ્દામાલ કબજે દારૂ મંગાવનાર રીસીવરની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરીના સાલ પીપળીયા ગામે વાડીએ દારૂનો જથ્થો ઉતારે તે પૂર્વે પડધરી પોલીસે દરોડો પાડી તુકાનમાંથી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. ગાડીમાં દારૂ છુપાવવા માટે ખાસ ચોરખાનુ બનાવ્યું હતું. પોલીસે ૯૮ બોટલ દારૂ સહિત કુલ રૂ.૩.૫૧ લાખનો મુદ્દામાલ કબજે કરી ચાલકને ઝડપી લીધો હતો. જ્યારે દારૂ મગાવનાર શખસનું નામ ખુલતા તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત મુજબ, પડધરી પોલીસ મથકના પીઆઈ એસ.એન.પરમારની રાહબરીમાં ટીમ તપાસમાં હતી. દરમિયાન કોન્સ્ટેબલ નિકુલસિંહ અને યુવરાજસિંહને બાતમી મળી હતી કે, તુફાન ક્રુઝર કારમાં ચોરખાનું બનાવી મુસાફરની આડમાં દારૂના જ થ્થાની ની હેરાફેરી કરી સાલપીપળીયા ગામે બાબભાઈ રામાણીની વાડીએ ઉતરવા આવનાર છે.

બાતમીના આધારે પડધરી પોલીસની ટીમે વોચ ગોઠવી સાલપીપળીયા ગામ પાસેથી દારૂ ભરેલી તુફાન નં. જીજે ૧૭ બીએન ૫૨૫૪ અટકાવી ચાલકની પુછતાછ કરતા તેણે પોતાનું નામ દિલીપ હરીસીંગ મોહનીયા(ઉ.વ. ૩૩ રહે. ભુરછેડી તા. જોબટ, અલીરાજપુર) હોવાનું જણાવ્યું હતું. પોલીસે ગાડીમાં તપાસ કરતા તુફાનમાં ચોરખાનામાંથી રૂ.૫૧ હજારની કિંમતને ૯૮ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂનો આ જથ્થો અને તુફાન સહિત કુલ રૂ.૩,૫૧,૧૭૮ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂ સાથે ઝડપાયેલા શખસની પુછતાછ કરતા જાણવા મળ્યું હતું કે, હાલ પડધરી તાલુકાના સાલ પીપળીયા ગામે બાબભાઈ રામાણીની વાડીએ રહેતા મૂળ મધ્યપ્રદેશના વતની તોપસીંગ ઈન્દરસીંગ મછારે દારૂનો આ જથ્થો મગાવ્યો હતો. જેથી પોલીસે બંને સામે ગુનો નોંધી દારૂનો જથ્થો મગાવનાર શખ્સને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# જંગલેશ્વર અને મેટોડાના બે નામચીન બુટલેગરો પાસામાં ધકેલાયા

### શહેર અને ગ્રામ્ય પોલીસની કાર્યવાહી : બન્ને શખ્સોને અમદાવાદ જેલમાં મોકલ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં પુરજોશમાં બેફામ પણે સરાજાહેર વિદેશી દારૂનો વેપલો ચલાવતા જંગલેશ્વર અને મેટોડા જીઆઇડીસીના બે બુટલેગરોને પોલીસે પાસામાં અમદાવાદ જેલમાં ધકેલી દેતા બુટલેગર આલમમાં ફફડાટ વ્યાપી ગયો છે.





પ્રથમ બનાવમાં શહેરના જંગલેશ્વર વિસ્તારમાં શાળા નં.૭૦ની પાછળ નદી કાંઠે રહેતો ઈમરાન અલી અનીસ શેખ (ઉ.વ.૩૬)નામના બુટલેગર પર અગાઉ એ-ડિવિઝન, ભકિતનગર, બી-ડિવિઝન, ડીસીપી સહિતના પોલીસ સ્ટેશનમાં નવથી વધુ દારૂના ગુન્હા દાખલ થયા હોય. પોલીસે આ નામચીન બુટલેગરની પાસાની દરખાસ્ત તૈયાર કરી વોરંટની બજવણી કરી બુટલેગર ઈમરાન અલીને અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

જયારે બીજા બનાવમાં અગાઉ ખુનની કોશીષ, એટ્રોસીટી જેવા ગંભીર પ્રકારના શરીર સંબંધી ગુન્હા આચરનાર અને અનેકવાર હદપારીના હુકમનો ભંગ કરનાર યાજ્ઞીક ઉર્ફે ભાણો શૈલેષ જરવરીયા (રહે.મેટોડા જીઆઈડીસી, ગેઈટ નં.રની સામે, શ્રીનાથજી સોસાયટી) નામના બુટલેગર વિરૂધ્ધ અગાઉ લોધીકા તથા મેટોડા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં નવથી વધુ ગુન્હા દાખલ થયા હોય જેથી પીઆઇ એસ.એમ.શર્મા સહિતના સ્ટાફે આ નામચીન બુટલેગર યાજ્ઞીક ઉર્ફે ભાણાની પાસાની દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેઝીસ્ટ્રેસને મોકલાવ્યા બાદ તેના પર જીલ્લા કલેકટર ડો.ઓમ પ્રકાશએ મોહર લગાવી દેતા આ નામચીન બુટલેગરને અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# કુવાડવાના તળાવમાંથી લાપતા આધેડનો કોહવાયેલો મૃતદેહ મળ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા પાસે આવેલા મામા દેવના મંદિર પાસેના તળાવમાંથી કુવાડવાના મુન્નાભાઈની કોહવાયેલી લાશ મળી હતી. તેઓ ૬ દિવસથી ગુમ હતા.



જેથી તેમના મૃત્યુ અંગેનું કારણ જાણવા ફોરેન્સિક પીએમ કરાવી પોલીસે તપાસ હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર, મુન્નાભાઈ ઓધવજીભાઈ બોહકીયા (ઉંમર આશરે ૪૫ વર્ષ)નો કોહવાયેલો મૃતદેહ કુવાડવા નજીક મામાદેવના મંદિર પાસેથી તળાવમાંથી મળી આવ્યો હતો. ૧૦૮ના ઈએમટી જુલાબેન ખોરાણીએ મુન્નાભાઈને સ્થળ પર મૃત જાહેર કરવાની કાર્યવાહી કરી હતી. પરિવારે જણાવ્યું કે, મુન્નાભાઈ બકાલું છે. ૫ ભાઈ અને ૨ બહેનમાં વચેટ છે. તેઓ છ વેંચતા, ડ્રાઈવિંગ કરતા, તેમને સંતાનમાં ૩ દીકરા દિવસથી ઘરેથી ચાલ્યા ગયા હતા અને ગુમ હતા. પરિવાર શોધખોળ કરતો હતો ત્યાં તળાવમાંથી લાશ મળી આવી હતી. બનાવ આપઘાતનો છે? કે પછી અકસ્માતે ડૂબી જતા મોત થયું છે? તે જાણવા કુવાડવા રોડ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# શાપર-વેરાવળ પોલીસે પકડેલો રૂ.૬.૫૧ લાખના દારૂ પર બુલડોઝર ફેરવી દેવાયું




**શાપર પોલિસે પ્યાસીઓનો જીવ બળે તેમ છેલ્લા ચાર માસમાં દારૂના ૧૮ કેસો કરી કબ્જે કરેલો રૂ. ૬.૫૧ લાખના દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી દઈ નાશ કર્યો હતો. ખોડિયારધાર ખાતે શરાબની ૩૩૮૨ બોટલ પર બુલડોઝર ફરી વળતા પ્યાસીઓના મોઢામાંથી મધલાળ ટપકી હતી. રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર અને ગોંડલ ડિવિઝનના ડીવાયએસપી કે જી ઝાલા દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના તમામ થાણા અમલદારોને પોલીસ સ્ટેશનમાં પેન્ડિંગ રહેલ મુદ્દામાલનો નિકાલ કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને શાપર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી છેલ્લા ચાર માસ દરમિયાન પ્રોહીબીશનના ૧૮ ગુનામાં ઝડપાયેલ જુદી જુદી બ્રાન્ડનો ઈંગ્લિશ દારૂનો જથ્થો નાશ કરવા કોટડા સાંગાણી જ્યુડીસીયલ મેજિસ્ટ્રેટ સમક્ષ મંજૂરી મેળવી કમિટી બનાવી શાપર પોલીસે પારડી ગામથી ઢોલરા ગામ જતા રસ્તા ઉપર આવેલ ખોડીયારધાર ખાતે રૂ. ૬,૫૧,૫૦૦ ની કિંમતની દારૂની ૩૩૮૨ બોટલ ઉપર બુલડોઝર ફેરવી દઈ નાશ કર્યો હતો.**

# ભક્તિનગર સ્ટેશન પાસે રખડતા શ્વાનના મોઢામાંથી નવજાત બાળકના મૃતદેહને લોકોએ છોડાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભક્તિનગર રેલવે સ્ટેશન પાસે જેટકોના ગ્રાઉન્ડ ગોડાઉન પાસે રાત્રીના રખડતા શ્વાન નવજાત બાળકના મૃતદેહને મોઢામાં નાખી નીકળતા લોકોએ છોડાવ્યું હતું. હૃદયદ્રાવક ઘટનામાં રેલવે પોલીસે મૃતદેહને પોસ્ટમોટર્મ માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી નવજાતને ત્યજી દેનાર માતાની સામે ગુનો નોંધવાની તેમજ તેની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.



આ અંગેની માહિતી મુજબ ભક્તિનગર રેલવે સ્ટેશન નજીક જેટકોના ગોડાઉન પાસે નવજાત બાળકના મૃતદેહને મોઢામાં લઈને નીકળેલા રખડતા શ્વાનને લોકોએ પકડી તેના મુખમાંથી નવજાત બાળકના મૃતદેહને મૂકત કરાવ્યું હતું. આ બનાવ અંગે જીઇબીના કર્મચારીએ પોલીસને જાણ કરતાં રેલવે પોલીસ મથકના પીએસઆઈ બળદેવસિંહ સહિતના સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ નવજાત બાળકના મૃતદેહને પોસ્ટમોટર્મ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં બાળક અધૂરા માસનું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતુ તેમજ અજાણી મહિલાએ તાજું જન્મેલ મૃત બાળક વિસ્તારમાં તરછોડી દીધું હોય અને શ્વાને બચકા ભર્યા હોવાનું બહાર આવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બાળકને ત્યજી દેનાર માતાની શોધખોળ કરી છે.

# વેરાવળ સ્ટેશને ચાલુ ટ્રેને ચડવા જતાં પટકાયેલા રાજકોટના કિશોરનું મોત

### આજીડેમ નજીક ભીમરાવનગરનો ૧૩ વર્ષીય કિશોર ટ્રેન નીચે આવી જતાં બંને પગ કપાયા સારવાર દરમિયાન દમ તોડતા પરિવારમાં શોક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના આજીડેમ ચોકડી નજીક ભીમરાવનગર રહેતો ૧૩ વર્ષીય કિશોર માટે માટે સોમનાથની યાત્રા અંતિમ બની હતી. વેરાવળ રેલવે સ્ટેશન પર ચાલુ ટ્રેનમાં ચડવા જતી વખતે પગ લપસતા ટ્રેન નીચે આવી ગયેલા ૧૩ વર્ષીય મોહિત બથવારનું રાજકોટની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. બનાવને લઈને પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. આજીડેમ ચોકડી પાસે આવેલ ભીમરાવનગર શેરી નં-૧ માં રહેતો મોહિત નિલેશભાઈ બથવાર (ઉં.વ. ૧૩) ગત તારીખ ૧૪ ફેબ્રુઆરીના રોજ તેના પડોશીઓ સાથે સોમનાથ મહાદેવના દર્શન કરવા માટે ગયો હતો. રવિવારે દર્શન કરીને પરત રાજકોટ આવવા માટે વેરાવળ રેલવે સ્ટેશન પરથી ટ્રેન ઉપડી રહી હતી ત્યારે મોહિતે ચાલુ ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન અચાનક તેનો પગ લપસી જતાં તે પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચે પટકાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં મોહિતના બંને પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ લોહીલુહાણ હાલતમાં મોહિતને તાત્કાલિક વેરાવળની હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાંથી પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે જૂનાગઢ અને ત્યારબાદ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવારના અંતે મોહિતે દમ તોડી દીધો હતો મૃતક મોહિત બે ભાઈઓમાં મોટો હતો અને ધોરણ ૬ માં અભ્યાસ કરતો હતો. તેના પિતા નિલેશભાઈ કારખાનામાં મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. મોટા પુત્રના અવસાનથી શ્રમિક પરિવારમાં અરેરાટી મચી ગઈ છે.

# સુરતના કુખ્યાત ચિરાગ ગોટીને આખરે પોલીસે કરાવ્યું કાયદાનું ભાન, સરઘસ કાઢ્યું

### વ્યાજ, ખંડણી વસુલી મારામારી સહિતના ગુનાઓ આચરીને ઉત્પાત મચાવનાર ગોટીને ફાટેલા વસ્ત્રોમાં હાથ જોડીને માફી મંગાવાઈ

**.મુખ્ય સમાચાર, સુરત**

સુરતમા ગુન્હાખોરી આચરીને સામાન્યજન પર ઉત્પાત મચાવનાર અને ભાજપના નેતાઓ સાથે ઘરોબો હોવાનો છાકો પાડતા કુખ્યાત ચિરાગ ગોટીને આખરે પોલીસે કાયદાનું ભાન કરાવ્યું છે. સુરતના વરાછામાં ગોટીનો 'વરઘોડા કાઢી રિકન્સ્ટ્રક્શન કરાવ્યુ હતું. ચિરાગ ગોટી બે હાથ જોડી લોકોની માફી માગતો હતો. ગાંઠીયાદાદાનો વરઘોડો જોવા રસ્તા પર લોકોની કતારો જામી હતી.



નામચીન ચિરાગ ગોટીના એક પછી એક કારનામા બહાર આવી રહ્યા છે. કાયદાને ઘોળી પી જનારા ગોટીએ રિવોલ્વરની અણીએ ઉઘરાણી કરવા માટે જે ધાક ઉભી કરતો તેના વીડિયો તેના માટે મુસિબત બની રહ્યા છે. સુરત શહેરના કતારગામ અને સિંગણપોર વિસ્તારમાં વધુ બે ફરિયાદ ચિરાગ ગોટી સામે નોંધાય છે.

પોલીસે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. આઠ મહિનાથી નેપાળ સહિતનાં સ્થળોએ ભાગતા ફરતા ચિરાગ ગોટીએ સુપ્રીમ કોર્ટની કડક ટકોર બાદ ૧૧ ફેબ્રુઆરીએ સુરત કોર્ટમાં હાજર થતા પોલીસે કબજ લઈને ધરપકડ કરી હતી. ગોટીને એસઓજીની ટીમે સરઘસ કાઢીને કાયદાનું ભાન કરાવ્યુ હતું.

# પારડી ગામના યુવાનનો ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત

### એકના એક પુત્રના પગલાથી પરિવારમાં કરુણ કલ્પાંતઃ જીવનમાં મજા નથી આવતી તેવું ફોનમાં બનેવીને જણાવી જીંદગી ટુંકાવી

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં સુરેશ્રવર ફાટક નજીક પારડીનાં યુવાને ટ્રેન હેઠળ પડતું મુકી આપઘાત કર્યો હતો. મૃતક પરિવાર માં એકનો એક પુત્ર હોય બનાવ ને લઈ ને પરિવાર શોકમગ્ન બન્યો હતો.પ્રાપ્ત વિગત મુજબ મુળ જશદણ નાં ડોડીયાળા નાં અને હાલ શાપર પાસેનાં પારડી રહેતા પ્રદિપ રમેશભાઈ પરમાર ઉ.૨૧ કોઈ અગમ્ય કારણોસર ગોંડલ રેલ્વેસ્ટેશન થી સુરેશ્રવર ફાટક વચ્ચે પસાર થઈ રહેલી રાજકોટ વેરાવળ ટ્રેન હેઠળ ઝંપલાવતા તેનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. બનાવની જાણ રેલ્વે પોલીસ ને થતા ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પીએમ માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડયો હતો.



પ્રદિપ બે બહેનો વચ્ચે એકનો એક ભાઈ હતો.પિતા પુત્ર બન્ને ગોંડલ નજીક આવેલી શક્તિમાન ફેક્ટરી માં કામ કરતા હતાં.ડોડીયાળા તેના કાકાની દિકરીનાં લગ્ન હોય પ્રદિપ પરિવાર સાથે ડોડીયાળા ગયો હતો.પ્રસંગ પુરો થતા તેના પિતરાઇ ભાઈ સાથે ગોંડલ આવ્યો હતો.પ્રદિપે એ વેળા તેનાં પિતરાઈ ને અક્ષર મંદિર પાસે ઉભો રાખી તું અહીં ઉભો રહેજે હું હમણાં આવું છુ.તેવું કહી ત્યાંથી નિકળ્યાં બાદ ટ્રેન હેઠળ ઝંપલાવી મોત મીઠું કર્યું હતું.

તેનાં પરિવારનાં જણાવ્યાં મુજબ પ્રદિપે આપઘાત કરતા પહેલા તેનાં બનેવીને ફોન કર્યો હતો.જીવનમાં મજા આવતી નથી.એ પ્રમાણે વાતો કરી હોય તેનાં બનેવીએ આશ્વાશન આપી શું તકલીફ છે તેવું પુછ્યુ હતું. પરંતુ પ્રદિપે વધારે કોઈ વાત કરી હતી નહી. પરિવાર નાં આધારસ્તંભ અને એકના એક પુત્ર ની અણધારી વિદાય થી પરિવાર ઉપર જાણે આભ ફાટયું હોય તેવી પરિસ્થિતિ વચ્ચે હૈયાફાટ રુદન નો માહોલ સર્જાયો હતો.

# રૂડા બિલ્ડીંગ પાસે પીજી હોસ્ટેલમાં મહિલા તબીબના સોનાના દાગીનાની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સિવીલ હોસ્પિટલમાં ફરજ બજાવતા અને રૂડા બિલ્ડીંગ પાસે મેડીકલ પીજી હોસ્ટેલમાં રહેતા મહિલા તબીબના રૂમમાંથી રૂ.૧.૫૫ લાખના સોનાના દાગીનાની ચોરી થતા પ્રનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. આ અંગેની માહિ-તી મુજબ મુળ સુરેન્દ્રનગરના અને હાલ રૂડા બિલ્ડીંગ પાસે સિવીલ હોસ્પિટલમાં સિનીયર રેસીડેન્ટ માટે મેડીકલ પીજી હોસ્ટેલના રૂમમાં રહેતા શાહનુબેન કરીમભાઈ ગોવાણીએ પ્રનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે સવારે તેને હોસ્પિટલમાં નોકરી હોય અને પીજી હોસ્ટેલ રૂમમાં સાફ સફાઈ કરવાની હોય તેથી રૂમનો દરવાજો ખુલ્લો રાખી સફાઈ માટે જાણ કરી હતી. દરમિયાન બપોરે નોકરી પુરી કરી પરત આવતા રૂમનો દરવાજો ખુલ્લો હોય અને તેના કબાટના દરવાજા ખુલ્લા હતા તેમજ રૂમમાં સામાન વેરવિખેર હોય, ચોરી થયાની શંકાએ તપાસ કરતા કબાટ ખાનામાંથી તેની ૭૫ હજારની કિંમતની સોનાની બુટી, ૨૫ હજારના કિંમતના સોનાનો નેકલેસ, બેસલેટ, રીંગ સહિત આશરે રૂ.૧.૫૫ લાખના દાગીના ગુમ હોય શોધખોળ કર્યા બાદ ફરીયાદ નોંધાવ્યાનું જણાવતા પી.એસ.આઈ. ગમારા સહિતના સ્ટાફે સફાઈ કામદાર મહિલા સહિતની પુછપરછ કરી, મહિલા તબીબ પરથી ગુનો નોંધી તસ્કરોને પકડી લેવા સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

# કુટણખાનામાં ગ્રાહક તરીકે પકડાયેલા PGVCLના કર્મચારીનો નિર્દોષ છુટકારો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કૃષ્ણનગર સોસાયટી મેઈન રોડ પર વર્ષ ૨૦૧૨માં પોલીસ દ્વારા પાડવામાં આવેલી રેઈડ દરમિયાન ગ્રાહક તરીકે પકડાયેલા પકડાયેલા ના કર્મચારી વિશાલ હરિભાઈ ખંડેરીયા સહિતના આરોપીઓને કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.



હર્ષ ધીયા



રોહિત ધીયા

આ કેસની હકિકત મુજબ, ગત તારીખ ૨૧/૦૩/૧૨ ના ગાંધીગ્રામ પોલીસે કૃષ્ણનગર સોસાયટીમાં ભાગ્યલક્ષ્મી ફરસાણ સામે એક મકાનમાં રેઈડ કરી કુટણખાનું ચાલતું હોવાનો ગુન્હો નોંધ્યો હતો. આ દરોડા દરમિયાન વિશાલ ખંડેરીયા, રમેશ રાઠોડ, આસીફ સૈયદ, સંદીપ ઉધરેજા અને અભય કાનાણીની ધરપકડ કરવામાં આવી હતી.આ કેસ ચાલવા ઉપર આવતા આરોપીના વકીલે દલીલ કરી હતી કે, રેઈડ દરમિયાન ઈમોરલ ટ્ર ાફિક ગ એકટ ની ૬ લમ-૧૫ મુજબ સ્થાનિક મહિલા પંચોને સાથે રાખવામાં આ ય છે નહોતા.ઘટના સ્થળની કોઈ વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરવામાં આવી નહોતી.પોલીસ દ્વારા રજૂ કરવામાં આવેલ રેઈડ કરવાનું અધિકાર પત્ર વર્ષ ૨૦૧૧નું હતું. જ્યારે બનાવ ૨૦૧૨માં બન્યો હતો. પુરાવાઓના અભાવે અને કાયદાકીય ક્ષતિઓને ધ્યાને રાખીને અદાલતે તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે. આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ રોહિતભાઈ બી. ધીયા, હર્ષ ધીયા, રીદ્ધિબેન બંધેડીયા અને મિત્તલબેન ધોકીયા રોકાયા હતા.